**(૧) વન-ડે ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા (સિક્સર) નો રેકોર્ડ હાલમાં, તા.૦૨-૧૧-૨૦૧૩ ના રોજ કયા ક્રિકેટરે બનાવ્યો ?**
(૧) શિખર ધવન (૨) મેક્સવેલ
(૩) રોહિત શર્મા (૪) શેન વોટસન

**(૨) વન-ડે ક્રિકેટમાં એક જ મેચમાં સૌથી વધુ છગ્ગા (સિક્સર) નો રેકોર્ડ કોની-કોની વચ્ચેની મેચમાં બન્યો હતો ?**
(૧) ભારત-વેસ્ટઇન્ડિઝ (૨) ભારત-ઓસ્ટ્રેલિયા
(૩) ઓસ્ટ્રેલિયા-પાકિસ્તાન (૪) પાકિસ્તાન-વેસ્ટઈન્ડિઝ

**(૩) વન-ડે ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ ફિફ્ટીનો રેકોર્ડ કયા ખેલાડીના નામે છે ?**
(૧) મેક્સવેલ (૨) સાયમન ઓડાનેલ
(૩) સનથ જયસૂર્યા (૪) શિખર ધવન

**(૪) વન-ડે ક્રિકેટમાં કુલ કેટલી બેવડી સદી થઇ છે ?**
(૧) સાત (૨) પાંચ
(૩) ત્રણ (૪) ચાર

**(૫) વન-ડે ક્રિકેટમાં બેવડી સદી લગાવવામાં કયો વિકલ્પ સાચો નથી ?**
(૧) સચીન તેંડુલકર (૨) ક્રિસ ગેઇલ
(૩) રોહિત શર્મા (૪) સેહવાગ

**(૬) વન-ડે ક્રિકેટમાં સૌથી વધુ 38 છગ્ગા (Sixer) નો રેકોર્ડ કયા સ્થળની વન-ડે માં બન્યો છે ?**
(૧) મોહાલી (૨) મેલબોર્ન
(૩) જયપુર (૪) બેંગલોર

**(૭) આઈસીસી પીપલ્સ ચોઇસ એવોર્ડ માટે જે આખરી પાંચ નામો માટે તાજેતરમાં પસંદગી થઇ છે તેમાં કયો વિકલ્પ સાચો નથી ?**
(૧) વિરાટ કોહલી (૨) એલિસ્ટર કૂક
(૩) મેક્સવેલ (૪) એમ.એસ.ધોની

**(૮) વન-ડે ક્રિકેટમાં સૌથી વધુ રનનો રેકોર્ડ કયા દેશના ખેલાડીનો છે ?**
(૧) ઓસ્ટ્રેલિયા (૨) પાકિસ્તાન
(૩) ન્યુઝીલેન્ડ (૪) ભારત

**(૯) વન-ડે ક્રિકેટમાં કોઇ એક ખેલાડી દ્વારા સૌથી વધુ રન બનાવવામાં આવ્યા હોય, તે કેટલા છે ?**
(૧) ૨૦૯ રન (૨) ૨૧૯ રન
(૩) ૨૨૯ રન (૪) ૨૦૩ રન

**(૧૦) કયા ભારતીય ખેલાડીએ એક ઈનિંગમાં કોઇ એક ટીમની દસે-દસ વિકેટો ખેરવી છે ?**
(૧) કપિલદેવ (૨) નરેન્દ્ર હિરવાણી
(૩) જવાગલ શ્રીનાથ (૪) અનિલ કુંબલે

**(૧૧) ગુજરાત કોલેજ અને એલિસબ્રીજને સાંકળતા ટાઉનહોલ પાસેના નવા બ્રીજનું નામ કયા સાહિત્યકારના નામ પરથી રાખવાનું નક્કી થયું છે ?**
(૧) પન્નાલાલ પટેલ (૨) ન્હાનાલાલ
(૩) કે.કા.શાસ્ત્રી (૪) ર.વ.દેસાઈ

**(૧૨) મંગળ ગ્રહ ની સફરે રવાના કરવા માટે મોકલાયેલ યાન સફળતાપૂર્વક લોન્ચ થતાં તે મંગળ પર ક્યાં સુધીમાં પહોંચવાની ગણતરી છે ?**
(૧) ડિસેમ્બર, ૨૦૧૫ (૨) સપ્ટેમ્બર, ૨૦૧૪
(૩) ડિસેમ્બર, ૨૦૧૪ (૪) સપ્ટેમ્બર ૨૦૧૫

**(૧૩) મંગળગ્રહની સફર માટે રવાના કરાયેલ મંગળયાનના મિશનનું નામ શું છે?**
(૧) મિશન ટુ માર્સ (૨) ધી મંગળ મિશન
(૩) માર્સ ઓર્બિટર મિશન (૪) પી.એસ.એલ.વી-૩ મિશન ટુ માર્સ.

**(૧૪) મંગળયાન મંગળ પર પહોંચવામાં સફળ થશે તો ભારત તેવો વિશ્વનો કેટલામો દેશ બનશે ?**
(૧) સાતમો (૨) બીજો
(૩) ત્રીજો (૪) ચોથો

**(૧૫) મંગળ પર મિશન મોકલવામાં જેને સફળતા નથી મળી તે પૈકી નીચેનામાંથી કયો દેશ છે ?**
(૧) અમેરીકા (૨) રશિયા
(૩) યુરોપિયન સંઘ (૪) ચીન

**(૧૬) તાજેતરમાં રીઝર્વ બેન્ક દ્વારા કરાયેલ મહત્વની જાહેરાત અંતર્ગત વિદેશી બેન્કો દેશની ખાનગી બેન્કોમાં વધુમાં વધુ કેટલા ટકા શેર હોલ્ડીંગ ખરીદી શકશે ?**
(૧) ૬૫% (૨) ૪૯%
(૩) ૮૦% (૪) ૭૪%

**(૧૭) તાજેતરમાં વેસ્ટઇન્ડીઝ સામે રમાયેલી ટેસ્ટમાં ટેસ્ટ કેપની સાથે જ કોણે પોતાની કારકીર્દીની પ્રથમ ટેસ્ટ સદી ફટકારી હતી ?**
(૧) આર. અશ્વિન (૨) શિખર ધવન
(૩) મુરલી વિજય (૪) રોહિત શર્મા

**(૧૮) તેંડુલકર પોતાની આખરી ૨૦૦મી ટેસ્ટ કયા સ્થળે રમશે ?**
(૧) ઈડન ગાર્ડન, કોલકત્તા
(૨) ફિરોજશાહ કોટલા દિલ્હી
(૩) સવાઈ માધોસિંહ, જયપુર
(૪) વાનખેડે, મુંબઈ

**(૧૯) તેંડુલકરે પોતાની ટેસ્ટ કારકિર્દીની પ્રથમ ટેસ્ટ મેચ કયા દેશ સામે રમી હતી ?**
(૧) ઓસ્ટ્રેલિયા (૨) પાકિસ્તાન
(૩) વેસ્ટઈન્ડીઝ (૪) ન્યુઝીલેન્ડ

**(૨૦) વિક્રમ સંવત ૨૦૭૦ નું શાસ્ત્રીય માન્યતા પ્રમાણેનું નામ શું છે ?**
(૧) ક્રોધી (૨) પરાભવ
(૩) વિશ્વાસ (૪) રુદ્ર

**(૨૧) હિંદુ માન્યતા મુજબ લગ્ન પછી વ્યક્તિ નીચેના પૈકી કયા આશ્રમમાં પ્રવેશ કરે છે ?**
(૧) વાનપ્રસ્થાશ્રમ (૨) સન્યસ્તાશ્રમ
(૩) ગૃહસ્થાશ્રમ (૪) બ્રહ્મચર્યાશ્રમ

**(૨૨) વર્ષ, ૨૦૧૩માં કઇ ચેમ્પિયન્સ લીગે ટ્વેન્ટી-ટ્વેન્ટી ટુર્નામેન્ટ જીતી હતી ?**
(૧) ચેન્નઈ સુપર કિંગ્સ (૨) મુંબઈ ઈન્ડીયન્સ
(૩) રાજસ્થાન રોયલ્સ (૪) ગુજરાત સુપર કિંગ્સ

**(૨૩) ઉત્તરાખંડમાં સ્થિત ગુરુદ્વારા હેમકુંડ સાહિબ નીચેનામાંથી શીખોના કયા ગુરુને સમર્પિત છે ?**
(૧) ગુરુ અર્જુન દેવ (૨) ગુરુ ગોવિંદસિંહ
(૩) ગુરુ નાનક (૪) ગુરુ હરગોવિંદસિંહ

**(૨૪) અમર્ત્યસેનને અર્થશાસ્ત્રના કયા સિધ્ધાંત માટે નોબલ પારિતોષિક મળ્યું હતું ?**
(૧) Macro Analysis Econoimics
(૨) Welfare Econoimics
(૩) Rural Econoimics
(૪) Urban Development Problems

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

**મનીષ શાહ**

**(૨૫) વિષ્ણુ પ્રભાકર દ્વારા લખાયેલ '' આવારા મસીહા'' કોના જીવન પરની જીવન કથા છે?**
(૧) રાજકપૂર (૨) શરતચન્દ્ર ચેટરજી
(૩) બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાય (૪) મૈથિલી શરણ ગુપ્ત

**(૨૬) તાજેતરમાં આવતી ''Idea'' મોબાઇલની જાહેરાતમાં રોમીંગ માટે કઇ સંખ્યાનો ઉપયોગ કરવાનું જણાવવામાં આવે છે ?**
(૧) ૧૦૦ (૨) ૨૨૧
(૩) ૧૨૧ (૪) ૧૩૧

**(૨૭) નીચેનામાંથી કઇ કંપની ટાયર બનાવતી કંપની નથી ?**
(૧) સીયેટ (૨) એપોલો
(૩) એમ. આર. એફ (૪) ઈન્ડીયા નિપ્પોન

**(૨૮) ''બઢતી કા નામ જીંદગી'' એ કઇ અગ્રગણ્ય બેન્ક દ્વારા કરવામાં આવતી જાહેરાત છે ?**
(૧) આઈસીઆઈસીઆઈ બેન્ક
(૨) એસ.બી.આઈ બેન્ક
(૩) એક્સિસ બેન્ક
(૪) એચડીએફસી બેન્ક

**(૨૯) "Mastectomy" આ સર્જરી નીચેનામાંથી કયા રોગ માટે વપરાય છે ?**
(૧) સ્તન કેન્સર (૨) હ્રદયરોગ
(૩) ગોઈટર (૪) સોરાયસીસ

**(૩૦) એક વ્યક્તિના ચિત્ર તરફ જોઇ સંજયે કહ્યું ''તેની માતા એ મારા પિતાના પુત્રની પત્ની છે. મારે કોઇ ભાઈ કે બહેન નથી.'' સંજય કયા ચિત્ર તરફ નિર્દેશ કરી રહ્યો હશે ?**
(૧) પોતાના ભત્રિજા તરફ (૨) પોતાના પુત્ર
(૩) પોતાના પિતા (૪) પોતાના કાકા

**(૩૧) જો 69 વસ્તુઓની મૂળ કિંમત 50 વસ્તુઓની વેચાણ વેચાણ કિંમત બરાબર હોય, તો નફો કે નુકશાન કેટલા ટકા થાય ?**
(૧) ૧૯% નફો (૨) ૧૯% નુકસાન
(૩) ૩૮% નફો (૪) ૩૮% નુકસાન

**32 થી 35 નીચેના દરેક Number Series માં એક ખોટો નંબર આપ્યો છે, તે કયો છે તે શોધી કાઢો ?**

**(૩૨) 5 6 10 20 35 60 96.**
(1) 60 (2) 10 (3) 20 (4) 35

**(૩૩) 13 16 21 28 36 48 61.**
(1) 16 (2) 21 (3) 28 (4) 36

**(૩૪) 1 2 7 21 88 445 2676**
(1) 7 (2) 21 (3) 2 (4) 2676

**(૩૫) 7 8 16 52 209 1046**
(1) 7 (2) 8 (3) 16 (4) 209

**(૩૬) એક વેપારી બે ઘડીયાળ, દરેક ઘડિયાળ ૩૦૦૦ રૂા.માં વેચે છે. પ્રથમ ઘડીયાળમાં તેને ૧૫% નફો અને બીજી ઘડીયાળમાં ૧૫% નુકસાન થાય છે. તો વાસ્તવમાં નફો કે નુકસાન શું થાય ?**
(૧) નફો કે નુકસાન ન થાય
(૨) ૧૫% નફો
(૩) ૧૫% નુકસાન
(૪) ૨.૨૫% નુકસાન

**(૩૭) જો ચા ની કિંમતમાં ૨૫% જેટલો વધારો થાય, તો ખર્ચ તેનો તે જ રાખવા વપરાશ કેટલા ટકા ઘટાડવો પડે?**
(૧) ૩૦% (૨) ૨૦%
(૩) ૩૬% (૪) ૧૮%

**(૩૮) એક અપ્રમાણિક વેપારી પોતાનો માલ મૂળ કિંમતે (પડતર કિંમતે) જ વેચે છે, પણ તે 1 કિ.ગ્રા ના સ્થાને 800 ગ્રામ જ માલ આપે છે, તો તેની નફાની ટકાવારી કેટલી ?**
(૧) ૨૦ ટકા (૨) ૨૫ ટકા
(૩) ૩૦ ટકા (૪) ૪૦ ટકા

**(૩૯) એક બીઝનેસ કોન્ફરન્સ પૂરી થયા પછી હાજર રહેલા ૧૦ વ્યક્તિઓ બધા જ એકબીજા સાથે એક વાર હાથ મીલાવે તો કુલ કેટલા શેક્ હેન્ડસ થયા હશે ?**
(૧) ૧૦૦ (૨) ૯૦
(૩) ૧૦ (૪) ૪૫

**(૪૦) સુનિતા એક કેકના બે સરખા ભાગ કરે છે, અને તે પૈકી એક અડધા ભાગના નાના નાના ટુકડા કરે છે. આ દરેક નાના ટુકડાનુ વજન 25 ગ્રામ છે. કેકના જો કુલ ભાગ 7 થયા હોય, તો આખી કેકનું વજન કેટલું હશે?**
(૧) ૨૪૦ ગ્રામ (૨) ૩૬૦ ગ્રામ
(૩) ૩૦૦ ગ્રામ (૪) ૪૫૦ ગ્રામ

**(૪૧) ઉંમર સહિત અન્ય કયા ગ્રહ સાથે પૃથ્વી સામ્યતા ધરાવે છે ?**
(૧) શનિ (૨) બુધ
(૩) મંગળ (૪) યુરેનસ

**(૪૨) એક માન્યતા મુજબ મંગળ ગ્રહનું મંદિર એક કોલકતામાં આવેલું છે તો બીજું મહારાષ્ટ્રના કયા સ્થળે આવેલું હોવાનું મનાય છે ?**
(૧) અમલનેર (૨) નાસિક
(૩) શિંગણાપુર (૪) માલેગાંવ

**(૪૩) ટેસ્ટ પ્રવેશે જ સૌથા વધુ વિકેટ ઝડપનાર ભારતીય ફાસ્ટ બોલર નીચેનામાંથી કોણ ?**
(૧) કપિલદેવ (૨) ચેતન શર્મા
(૩) જવાગલ શ્રીનાથ (૪) મોહમ્મદ સમી

**(૪૪) ''મધુબનમેં રાધિકા નાચે'' અને ''લાગા ચુનરીમેં દાગ છુપાઉં કૈસે'' એ સુમધુર ગીતોના ગાયક...**
(૧) મોહમ્મદ રફી (૨) હેમંતકુમાર
(૩) મુકેશ (૪) મન્નાડે

**(૪૫) હિન્દી ફિલ્મી ગાયનોના સુવર્ણયુગના પ્રતિનિધિ અને બંગાળી ગાયક પૈકી કયો વિકલ્પ ખોટો છે ?**
(૧) મન્નાડે (૨) પંકજ મલીક
(૩) જગમોહન (૪) કિશોરકુમાર

**(૪૬) વિશ્વનો સર્વોચ્ચ એવોર્ડ એવો નોબલ પારિતોષિક નીચેનામાંથી કયા ક્ષેત્રમાં નથી આપવામાં આવતું ?**
(૧) શાંતિ (૨) સાહિત્ય
(૩) અર્થશાસ્ત્ર (૪) રમતગમત

**(૪૭) નોબલ ઇનામ અસ્વીકાર કરવાના કિસ્સા પૈકી નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે?**
(૧) જીન પોલ સાંત્રે (૨) આંગ-સુ-કી
(૩) લુઉ ઝીયાબા (૪) કાર્લ વોર્ન

**(૪૮) સૌથી નાની વયે નોબલ પારિતોષિક મેળવનાર વિજ્ઞાની લોરેન્સ બ્રેગ્રને માત્ર ૨૫ વર્ષની ઉંમરે કયા ક્ષેત્રમાં નોબલ પારિતોષિક મળ્યુ હતું ?**
(૧) મેડિસીન (૨) કેમેસ્ટ્રી
(૩) અર્થશાસ્ત્ર (૪) ફિઝિક્સ

**(૪૯) સૌથી વધુ નમેલી ધરીવાળો ગ્રહ નીચેનામાંથી કયો જ્યાં લાંબા દિવસ અને રાત હોય છે?**
(૧) બુધ (૨) પૃથ્વી
(૩) યુરેનસ (૪) શુક્ર

**(૫૦) બન્સેન બર્નરના શોધક....**
(૧) જેમ્સ શાર્પ (૨) મર્ડોક
(૩) રોબર્ટ બન્સેન (૪) ફિલિપ લેબોન

## જવાબ

(૧) ૩ (૨) ૨ (૩) ૩ (૪) ૩ (૫) ૨ (૬) ૪ (૭) ૪ (૮) ૪
(૯) ૨ (૧૦) ૪ (૧૧) ૨ (૧૨) ૨ (૧૩) ૩ (૧૪) ૪ (૧૫) ૪
(૧૬) ૪ (૧૭) ૪ (૧૮) ૪ (૧૯) ૨ (૨૦) ૩ (૨૧) ૩ (૨૨) ૨
(૨૩) ૨ (૨૪) ૨ (૨૫) ૨ (૨૬) ૩ (૨૭) ૪ (૨૮) ૩ (૨૯) ૧
(૩૦) ૨ (૩૧) ૩ (૩૨) ૩ (૩૩) ૪ (૩૪) ૧ (૩૫) ૩ (૩૬) ૪
(૩૭) ૨ (૩૮) ૨ (૩૯) ૪ (૪૦) ૩ (૪૧) ૩ (૪૨) ૧ (૪૩) ૪
(૪૪) ૪ (૪૫) ૪ (૪૬) ૪ (૪૭) ૧ (૪૮) ૪ (૪૯) ૩ (૫૦) ૩

**જનરલ નોલેજ ક્વિઝ કોર્નર**

**મનીષ શાહ**

**(૧) ભારત પાસે શ્રી હરિકોટા ખાતે હાલમાં કેટલા ઉપગ્રહ લોન્ચિંગ પેડ છે ?**
(૧) ત્રણ (૨) એક
(૩) બે (૪) ચાર

**(૨) મહારાષ્ટ્રમાં ભૂતકાળમાં કયા સ્થળે લઘુગ્રહ ત્રાટકવાના કારણે સરોવર રચાયું છે અને તેના નામ પરથી મંગળ ગ્રહના ખાડાને એક નામ આપવામાં આવ્યું છે ?**
(૧) અઓમકાર (૨) લોનાર
(૩) લાતુર (૪) ભોર

**(૩) નવા વર્ષમાં માર્સ ઓર્બિટર મિશનનું સ્પેસક્રાફ્ટ કયા વારે લોન્ચ થયું હતું ?**
(૧) સોમવાર (૨) મંગળવાર
(૩) બુધવાર (૪) ગુરૂવાર

**(૪) ભારતના માર્સ ઓર્બિટર મિશન બાદ અમેરિકાનું ''નાસા'' મંગળ પર કયા નામનું સ્પેસક્રાફ્ટ તાજેતરમાં લોન્ચ કરશે ?**
(૧) રોવર (૨) માવેન
(૩) જીયોરા (૪) શેવર

**(૫) સચિન તેંડુલકરે વિન્ડિઝ સામેની આખરી ટેસ્ટ ઇનિંગમાં કેટલા રન ફટકાર્યા હતા ?**
(૧) ૧૧૩ (૨) ૬૨
(૩) ૩૮ (૪) ૭૪

**(૬) નીચેનામાંથી કઇ કેન્દ્રિય સંસ્થા તેના કાનુની દરજ્જા માટે હાલમાં ચર્ચામાં છે ?**
(૧) રૉ (૨) કેગ
(૩) સીબીઆઈ (૪) સીઆઈડી

**(૭) કઈ હાઈકોર્ટે સીબીઆઈને ગેરબંધારણીય ઠરાવી હતી?**
(૧) ગુવાહાટી (૨) ચંદીગઢ
(૩) દિલ્હી (૪) મુંબઈ

**(૮) ગાંધીનગરથી નજીક આવેલ અતિપ્રસિધ્ધ જૈન તીર્થ મહુડી ખાતે બાર મહિનામાં એકવાર કયા દિવસે કેસરથી વિશેષ પૂજન કરવામાં આવે છે ?**
(૧) દિવાળી (૨) માગસર સુદ છઠ
(૩) કાળી ચૌદસ (૪) ચૈત્ર સુદ પાંચમ

**(૯) સૌરાષ્ટ્રના નીચેના કયા સ્થળે દિવાળીમાં એકબીજા પર ઇંગોરિયા ફેંકી દિવાળી ઉજવવામાં આવે છે ?**
(૧) અમરેલી (૨) ભાવનગર
(૩) સાવરકુંડલા (૪) પોરબંદર

**(૧૦) ''ભારત રત્ન'' મેળવનાર સૌથી યુવાન અને પહેલો ખેલાડી...**
(૧) ધ્યાનચંદ (૨) પટૌડી
(૩) સચીન તેંડુલકર (૪) મિલ્ખાસિંઘ

**(૧૧) અમેરિકાના સર્જન જનરલ તરીકે ભારતીય મૂળના કયા વ્યક્તિની નિમણૂંક કરવામાં આવી હતી ?**
(૧) ડૉ. વિવેક હાલગેરે (૨) ડૉ. વિવેક ભાવે
(૩) ડૉ. રાજ શર્મા (૪) ડૉ. રોહિત શિંદે

**(૧૨) ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્રને જોડતી સુએઝ નહેર કયા વર્ષમાં ખુલ્લી મૂકવામાં આવી હતી ?**
(૧) ઇ.સ. ૧૮૧૯ (૨) ઇ.સ. ૧૮૬૯
(૩) ઇ.સ. ૧૯૧૯ (૪) ઇ.સ. ૧૯૨૯

**(૧૩) કયું વિમાનવાહક યુદ્ધ જહાજ હાલમાં ભારતના નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું હતું ?**
(૧) આઇએનએસ તબર (૨) આઇએનએસ વિક્રમાદિત્ય
(૩) આઇએનએસ વિરાટ (૪) આઇએનએસ આદિત્ય

**(૧૪) ફોમોસ અને ડિમોસ નામના બે ઉપગ્રહો કયા ગ્રહ સાથે સંકળાયેલા છે ?**
(૧) ગુરૂ (૨) શનિ
(૩) મંગળ (૪) નેપ્ચ્યુન

**(૧૫) ફિલિપાઈન્સમાં જે મહા વાવાઝોડાએ તારાજી સર્જી તેનું નામ શું હતું ?**
(૧) હૈયાન (૨) ટોર્નેડો
(૩) નીલમ (૪) હરિકેન

**(૧૬) મિસ યુનિવર્સ, ૨૦૧૩...**
(૧) ઓલિલીયા કલ્પો (૨) ડાયના મેન્ડોઝ
(૩) સ્ટેફાનિયા ફર્નાન્ડિઝ (૪) ગ્રેબિએલા

**(૧૭) ચિત્રકાર, મૂર્તિકાર, સંગીતકાર, એન્જિનિયર, ગણિતશાસ્ત્રી, ભૂસ્તરશાસ્ત્રી, વનસ્પતિશાસ્ત્રી, શરીર રચનાવિદ નીચેનામાંથી કોણ ?**
(૧) ચાર્લ્સ ડાર્વિન (૨) હેઝન બર્ગ
(૩) મેક્સબોર્ન (૪) લિયોનાર્ડો દ વિન્ચી

**(૧૮) સાપેક્ષવાદની મહત્વની થિયરી આપનાર વૈજ્ઞાનિક..**
(૧) ચાર્લ્સ ડાર્વિન (૨) ગેલિલિયો
(૩) આઇન્સ્ટાઇન (૪) એડિસન

**(૧૯) ફોનોગ્રાફ અને વીજળીનો બલ્બ જેવા યંત્રોની શોધ કરનાર વૈજ્ઞાનિક..**
(૧) જેમ્સ ક્લાર્ક મેક્સવેલ (૨) થોમસ આલ્વા એડિસન
(૩) આઇઝેક ન્યૂટન (૪) આઈન્સ્ટાઈન

**(૨૦) ઈન્ડિયન ગ્રાન્ડ પ્રિક્સમાં ફોર્મ્યુલા વન રેસર ચેમ્પિયનશીપ નીચેનામાંથી કોણે જીતી હતી ?**
(૧) નીકો રોસેનબર્ગ (૨) સેબાસ્તીયન વેટલ
(૩) ફિલીપો મેયા (૪) પોલ ડી રિસ્ટા

**(૨૧) તિરૂવંથપુરમ (કેરાલા) ની નજીક થુમ્બા ઈક્વેટોરિલ રોકેટ લોન્ચિંગ સ્ટેશનની સ્થાપના કયા વર્ષમાં થઈ ?**
(૧) ઈ.સ.૧૯૬૦ (૨) ઈ.સ.૧૯૬૧
(૩) ઈ.સ.૧૯૬૨ (૪) ઈ.સ.૧૯૬૩

**(૨૨) ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ની સ્થાપના કયા વર્ષમાં થઇ ?**
(૧) ઈ.સ.૧૯૭૫ (૨) ઈ.સ. ૧૯૬૯
(૩) ઈ.સ. ૧૯૬૭ (૪) ઈ.સ. ૧૯૭૧

**(૨૩) કૃત્રિમ ઉપગ્રહ તરતા મૂકવા અંગેના પ્રથમ પાંચ દેશો પૈકી નીચેનામાંથી કયો વિકલ્પ ખોટો છે ?**
(૧) ઈટલી (૨) ફ્રાન્સ
(૩) કેનેડા (૪) બ્રિટન

**(૨૪) એટમિક એનર્જી કમિશનના પ્રથમ અધ્યક્ષ...**
(૧) ડૉ. અનિલ કાકોડકર (૨) ડૉ. પ્રફુલ્લચંદ્ર રોય
(૩) રામનુજમ (૪) ડૉ. હોમીભાભા

**(૨૫) જનીન વિજ્ઞાનમાં સંશોધન કરી નોબલ પારિતોષિક મેળવનાર વૈજ્ઞાનિક...**
(૧) ડૉ. મેઘનાથ રાવ (૨) હરગોવિંદ ખુરાના
(૩) ડૉ. ભટનાગર (૪) ડૉ. કે. એસ.ક્રિશ્નન

**(૨૬) ''ગણગોર'' આ તહેવાર માર્ચ/એપ્રિલ માસમાં મોટે ભાગે કયા રાજ્યમાં ઉજવાય છે ?**
(૧) ઉત્તરપ્રદેશ (૨) પશ્ચિમ બંગાળ
(૩) રાજસ્થાન (૪) કેરળ

**(૨૭) નીચેનામાંથી કોણ જૈનોના ૨૪ તીર્થંકરોની યાદીમાં ન આવે ?**
(૧) અભિનંદન સ્વામી (૨) સુમતિનાથ
(૩) કુંથનાથ (૪) સીમંધર સ્વામી

**(૨૮) પ્રચિન વિધાપીઠો પૈકી વિક્રમશીલા વિધાપીઠ કયા સ્થળ પાસે હોવાના અવશેષો છે?**
(૧) રાવલપિંડી (૨) વારાણસી
(૩) ઉજૈન (૪) મૈસૂર

**(૨૯) ભારતીય પંચાંગ પ્રમાણે વાર 7 તો કરણ કેટલા ?**
(૧) 27 (૨) 11
(૩) 18 (૪) 24

**(૩૦) દરેક મહિનામાં શુકલ પક્ષ અને કૃષ્ણ પક્ષમાં કેટલા દિવસ હોય છે ?**
(૧) 10 (૨) 7
(૩) 14 (૪) 15

**(૩૧) શૃંગેરી મઠ નીચેનામાંથી કયા સ્થળે આવેલો છે ?**
(૧) દ્વારકા (૨) જગન્નાથપુરી
(૩) બદ્રીકેદાર (૪) રામેશ્વર

**(૩૨) ગોવર્ધન મઠ નીચેનાંમાંથી કયા સ્થળે આવેલ છે ?**
(૧) રામેશ્વર (૨) વારાણસી
(૩) નાસિક (૪) જગન્નાથપુરી

**(૩૩) જ્યોતિર્મઠ નીચેનામાંથી કયા સ્થળે સ્થિત છે ?**
(૧) હરદ્વાર (૨) બદરીકેદાર
(૩) રામેશ્વર (૪) દ્વારકા

**(૩૪) રાજ્યનીતિના ચાર સિધ્ધાંતમાં નીચેનામાંથી કયા વિકલ્પમાં ભૂલ છે/ ખોટો છે?**
(૧) સામ (૨) દામ
(૩) કેદ (૪) દંડ

**(૩૫) ચાર પ્રકારની સ્ત્રીમાં નીચેનામાંથી કયો વિકલ્પ ખોટો છે ?**
(૧) હસ્તિની (૨) ચિત્રિણી
(૩) શંખિણી (૪) રૂપિણી

**(૩૬) કુંભમેળાના ચાર સ્થાન પૈકી નીચેનામાંથી કયો વિકલ્પ ખોટો છે ?**
(૧) પ્રયાગ (૨) હરદ્વાર
(૩) ઉજ્જૈન (૪) વારાણસી

**(૩૭) ષડ્ઋતુ પૈકી શિશિર માટે કયું જોડકું સાચું છે ?**
(૧) કારતક-માગસર (૨) પોષ-મહા
(૩) ભાદરવો-આસો (૪) ચૈત્ર-વૈશાખ

**(૩૮) ગીતાના ત્રણ ઘટકમાં જ્ઞાનયોગ કયા અધ્યાયમાં છે ?**
(૧) અધ્યાય-૧૧ થી ૧૮ (૨) અધ્યાય-૧૪ થી ૧૮
(૩) અધ્યાય-૧૩ થી ૧૮ (૪) અધ્યાય-૧૨ થી ૧૮

**(૩૯) ત્રિગુણમાં નીચેનામાંથી કયો વિકલ્પ સાચો નથી ?**
(૧) સત્વ (૨) રજ
(૩) તમ (૪) મન

**(૪૦) ત્રિતાપમાં નીચેનામાંથી કયો વિકલ્પ સાચો નથી ?**
(૧) ઉપાધિ (૨) આધિ
(૩) વ્યાધિ (૪) જળાધિ

**(૪૧) દ્વાદશ જ્યોર્તિલિંગમાં ભીમાશંકર કયા રાજ્યમાં સ્થિત છે ?**
(૧) હિમાચલ પ્રદેશ (૨) આંધ્ર પ્રદેશ
(૩) મહારાષ્ટ્ર (૪) મધ્ય પ્રદેશ

**(૪૨) સપ્તમાંથી દાયિની પુરીઓ પૈકી કયો વિકલ્પ સાચો નથી ?**
(૧) કાશી (૨) કાંચી
(૩) અવન્તી (૪) નાસિક

**(૪૩) જાત જતીન એ નૃત્યનો પ્રકાર કયા રાજ્યનો છે ?**
(૧) આંધ્ર પ્રદેશ (૨) ઉત્તર પ્રદેશ
(૩) બિહાર (૪) રાજસ્થાન

**(૪૪) યક્ષગણ એ નૃત્યનો પ્રકાર કયા રાજ્યનો છે**
(૧) મહારાષ્ટ્ર (૨) આંધ્ર પ્રદેશ
(૩) કર્ણાટક (૪) ઉત્તર પ્રદેશ

**(૪૫) કથ્થક નૃત્યના નૃત્યકારોમાં કયો વિકલ્પ સાચો નથી ?**
(૧) ઝવેરી બહેનો (૨) બીરજુ મહારાજ
(૩) સિતારા દેવી (૪) ગોપકૃષ્ણ

**(૪૬) ૧૯૯૨ના ૭૧મા સુધારા મુજબ જે ત્રણ ભાષાઓ ઉમેરવામાં આવી હતી તે પૈકી કયો વિકલ્પ સાચો નથી ?**
(૧) સિંધી (૨) કોંકણી
(૩) મણીપુરી (૪) નેપાલી

**(૪૭) ઉત્તરમીમાંસાના રચયિતા..**
(૧) હરિભદ્રસુરી (૨) ભટ્ટનારાયણ
(૩) કુમારિલ ભટ્ટ (૪) અમરુ

**(૪૮) ક્ષેત્રફળની દ્રષ્ટિએ વિશ્વનો સૌથી મોટો ખંડ....**
(૧) ઉત્તર અમેરિકા (૨) એશિયા
(૩) યુરોપ (૪) એન્ટાર્કટીકા

**(૪૯) પનામા નહેર કયા બે મહાસાગરોને જોડે છે?**
(૧) ભૂમધ્યસમુદ્ર-રાતોસમુદ્ર (૨) એટલાન્ટિક-પેસેફિક
(૩) ઉત્તરસમુદ્ર-બાલ્ટિકસમુદ્ર (૪) માન્ચેસ્ટર-લીવરપુલ

**(૫૦) વિશ્વની સૌથી લાંબી નદી......**
(૧) નાઈલ (૨) મિસિસિપી
(૩) એમેઝોન (૪) ઈર્ટીશ

## જવાબ

**(૧) ૩ (૨) ૨ (૩) ૨ (૪) ૨ (૫) ૪ (૬) ૩ (૭) ૧ (૮) ૩ (૯) ૩ (૧૦) ૩ (૧૧) ૧ (૧૨) ૨ (૧૩) ૨ (૧૪) ૩ (૧૫) ૧ (૧૬) ૪ (૧૭) ૪ (૧૮) ૩ (૧૯) ૨ (૨૦) ૨ (૨૧) ૩ (૨૨) ૨ (૨૩) ૪ (૨૪) ૪ (૨૫) ૨ (૨૬) ૩ (૨૭) ૪ (૨૮) ૩ (૨૯) ૨ (૩૦) ૪ (૩૧) ૪ (૩૨) ૪ (૩૩) ૨ (૩૪) ૩ (૩૫) ૪ (૩૬) ૪ (૩૭) ૨ (૩૮) ૩ (૩૯) ૪ (૪૦) ૪ (૪૧) ૩ (૪૨) ૪ (૪૩) ૩ (૪૪) ૩ (૪૫) ૧ (૪૬) ૧ (૪૭) ૩ (૪૮) ૨ (૪૯) ૨ (૫૦) ૧**

**(૧) માનવ અધિકારોની ઘોષણા કયા વર્ષમાં કરવામાં આવી હતી ?**

(૧) ૧૯૫૦ (૨) ૧૯૪૮
(૩) ૧૯૪૯ (૪) ૧૯૫૧

**(૨) માનવ અધિકાર દિન દર વર્ષે કઈ તારીખે ઉજવાય છે ?**

(૧) ૧૦મી ડિસેમ્બર (૨) ૧લી ડિસેમ્બર
(૩) ૮મી ડિસેમ્બર (૪) ૫મી ડિસેમ્બર

**(૩) અત્યાર સુધીમાં કેટલી એક વર્ષીય યોજનાઓ ભારત સરકારે અમલમાં મૂકી છે ?**

(૧) ત્રણ (૨) ચાર
(૩) પાંચ (૪) છ

**(૪) ૧૯૫૬માં સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના કેટલા સભ્ય દેશોએ ''પંચશીલ'' નો સિધ્ધાંત સ્વીકાર્યો હતો ?**

(૧) ૭૨ (૨) ૮૨
(૩) ૯૨ (૪) ૭૬

**(૫) ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કઈ નદીના પાણીની વહેંચણીને કારણે તકરાર થવા પામી હતી ?**

(૧) ગોદાવરી (૨) નર્મદા
(૩) યમુના (૪) ગંગા

**(૬) ''યુનો ડે'' ની ૨૪મી ઓક્ટોબરે યુનોનો રાષ્ટ્ર ધ્વજ ફરકાવીને થતી ઉજવણી સરકારના કયા વિભાગ દ્વારા કરવામાં આવે છે ?**

(૧) રમતગમત, યુવા અને સાં.પ્ર.નો વિભાગ
(૨) ગૃહ વિભાગ (૩) મહેસૂલ વિભાગ
(૪) સામાન્ય વહિવટ વિભાગ

**(૭) આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની લીગ ઓફ નેશન્સના એક સ્વતંત્ર એકમ તરીકે સ્થાપના કયા વર્ષમાં થઈ ?**

(૧) વર્ષ : ૧૯૧૯ (૨) વર્ષ : ૧૯૨૨
(૩) વર્ષ : ૧૯૨૦ (૪) વર્ષ : ૧૯૧૭

**(૮) આયોજન પંચની રચના કયા વર્ષમાં થઈ ?**

(૧) વર્ષ : ૧૯૫૨ (૨) વર્ષ : ૧૯૫૦
(૩) વર્ષ : ૧૯૫૩ (૪) વર્ષ : ૧૯૫૧

**(૯) ''ગ્લોબલ વિલેજ'' નો ખ્યાલ નીચેનામાંથી કોણે આપ્યો ?**

(૧) કાર્લ માર્ક્સ (૨) પ્લુટો
(૩) હર્બટ સાયમન (૪) માર્શલ મેક્લોહાન

**(૧૦) વિશ્વ બેંકનું વડું મથક ક્યાં આવેલું છે ?**

(૧) હેગ (૨) જીનીવા
(૩) ન્યુયોર્ક (૪) વોશિંગ્ટન ડીસી

**(૧૧) યુનેસ્કોનું વડું મથક ક્યાં આવેલું છે ?**

(૧) હેગ (૨) લંડન
(૩) ટોકયો (૪) પેરિસ

**(૧૨) ભારતે બાંગ્લાદેશને વર્ષ ૧૯૯૨માં સોંપેલો નાનો ભાગ કયા નામથી ઓળખાય છે ?**

(૧) બીસ બીઘા (૨) તીન બીઘા
(૩) લેન્ડ એટ બોર્ડર કોન્ફ્લીક્ટસ
(૪) એક પણ વિકલ્પ સાચો નથી.

**(૧૩) પ્રાથમિક શિક્ષણ બધાને પહોંચે તેવું કાર્ય નીચેનામાંથી કોણ કરે છે ?**

(૧) યુનોની મહાસભા (૨) યુનેસ્કો
(૩) ડબલ્યુ.એચ.ઓ. (૪) યુનિસેફ

**(૧૪) ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં નીચેનામાંથી કોણ એક ન્યાયાધિશ તરીકે રહ્યું નથી ?**

(૧) સર્વપલ્લી રાધાકૃષ્ણન (૨) ડૉ.નગેન્દ્ર સિંઘ
(૩) શ્રી બી.એન. રાવ (૪) આર.એસ.પાઠક

**(૧૫) વર્ષ : ૧૯૪૫માં ફૂડ એન્ડ એગ્રિકલ્ચરલ ઓર્ગેનાઈઝેશન ની સ્થાપના કયા સ્થળે થઈ હતી ?**

(૧) લંડન (૨) દિલ્હી
(૩) રોમ (૪) પેરિસ

**(૧૬) વર્ષ : ૧૯૪૬માં યુનિસેફની સ્થાપના કયા સ્થળે થઈ હતી ?**

(૧) ન્યુયોર્ક (૨) લંડન
(૩) જીનિવા (૪) પેરિસ

**(૧૭) નીચેનામાંથી કયા ભતપૂર્વ રાષ્ટ્રપતિએ યુનેસ્કોના પ્રમુખ તરીકે પણ સેવા આપી છે ?**

(૧) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (૨) વી.વી.ગીરી
(૩) જ્ઞાની ઝૈલસિંહ (૪) સર્વપલ્લી રાધાકૃષ્ણન

**(૧૮) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની સ્થાપના વર્ષ : ૧૯૪૮માં કયા સ્થળે થઈ હતી ?**

(૧) જીનિવા (૨) પેરિસ
(૩) ન્યુયોર્ક (૪) હેગ

**(૧૯) ગાંધીજીની હત્યા કઈ તારીખે થઈ ?**

(૧) ૩૦ ડિસેમ્બર, ૧૯૪૮ (૨) ૩૦ જાન્યુઆરી, ૧૯૫૦
(૩) ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮
(૪) ૩૦ જાન્યુઆરી, ૧૯૪૯

**(૨૦) સુભાષચન્દ્ર બોઝનું જન્મ સ્થળ....**

(૧) કોલકત્તા (૨) હરિપુરા
(૩) કટક (૪) દિલ્હી

**(૨૧) ૧૯૩૯માં સુભાષચન્દ્ર બોઝે નીચેનામાંથી કયો પક્ષ સ્થાપ્યો હતો ?**

(૧) બંગલેરાથા (૨) જાગૃતિ
(૩) હિંદ સ્વરાજ (૪) ફોરવર્ડ બ્લોક

**(૨૨) મુસ્લિમ લીગ દ્વારા ઇ.સ.૧૯૪૦માં પાકિસ્તાનના અલગ રાજ્યની માગણીનો ઠરાવ કયા અધિવેશનમાં પસાર કર્યો હતો ?**

(૧) દિલ્હી (૨) લાહોર
(૩) કરાંચી (૪) અલીગઢ

**(૨૩) ૧૯૨૩ના બોરસદ સત્યાગ્રહ દરમ્યાન કોનો ભય વધી ગયો હતો ?**

(૧) બહારવટીયાઓનો (૨) ચોરોનો
(૩) અંગ્રેજ અધિકારીઓનો (૪) કર અધિકારીઓનો

**(૨૪) તમાકુ, કપાસ, શેરડી, મગફળી એ બધા કેવા પ્રકારના પાક કહેવાય ?**

(૧) ખાદ્યાન્ન પાકો (૨) ખરીફ પાકો
(૩) રવિ પાકો (૪) રોકડીયા પાકો

**(૨૫) ભારતમાં સિવિલ સર્વિસીસ પરીક્ષાની શરૂઆત કરનાર...**

(૧) લોર્ડ વેલેસ્લી (૨) લોર્ડ હાર્ડીંજ
(૩) લોર્ડ કોર્નવોલિસ (૪) લોર્ડ ડેલહાઉસી

**જનરલ નોલેજ ક્વિઝ કોર્નર**

**મનીષ શાહ**

**(૨૬) ઈ.સ.૧૯૬૬માં ભારત અને પાકિસ્તાન વચ્ચેના કરારો કયા નામે ઓળખાય છે ?**

(૧) શાંતિ કરારો (૨) સિમલા કરાર
(૩) તાશ્કંદ કરાર (૪) પૂના કરાર

**(૨૭) સાર્ક(SARC)નું વડુ મથક ક્યાં આવેલું છે ?**

(૧) દિલ્હી (૨) કોલંબો
(૩) ઢાકા (૪) કાઠમંડુ

**(૨૮) ભારતમાં તાંબાનું સૌથી વધુ ઉત્પાદન કરનાર પ્રદેશ નીચેનામાંથી કયો ?**

(૧) સિંગભૂમ (૨) રાંચી
(૩) ધનબાદ (૪) હલ્દિયા

**(૨૯) આપણે દર વર્ષે ''વાઈલ્ડ લાઈફ'' વીક કયા માસમાં મનાવીએ છીએ ?**

(૧) નવેમ્બર (૨) જુલાઈ
(૩) જૂન (૪) ઓક્ટોબર

**(૩૦) ભારતનો સૌથી જૂનો રાષ્ટ્રીય પાર્ક નીચેનામાંથી કયો ?**

(૧) કાન્હા નેશનલ પાર્ક (૨) વેળાવદર નેશનલ પાર્ક
(૩) દચિગામ (૪) કોર્બેટ નેશનલ પાર્ક

**(૩૧) સુખડના વૃક્ષો ભારતમાં કયા રાજ્યમાં જોવા મળે ?**

(૧) કેરાલા (૨) કર્ણાટક
(૩) મુંબઈ (૪) ગોવા

**(૩૨) નીચેનામાંથી કઈ નદી અરબી સમુદ્રને મળે છે ?**

(૧) તાપી (૨) બ્રહ્મપુત્રા
(૩) ગંગા (૪) બનાસ

**(૩૩) ભાખરા-નાંગલ યોજના કઈ નદી પર તૈયાર થઈ છે ?**

(૧) જેલમ (૨) ચિનાબ
(૩) રાવી (૪) સતલજ

**(૩૪) નીચેનામાંથી કયા રાજ્યમાં પુરૂષની સરખામણીમાં સ્ત્રીઓનું પ્રમાણ વધુ છે ?**

(૧) મહારાષ્ટ્ર (૨) કેરળ
(૩) કર્ણાટક (૪) ઓરિસ્સા

**(૩૫) વર્ષ : ૧૯૯૧માં સાક્ષરતાના સ્તર માટેનો માપદંડ કયો નક્કી કરવામાં આવ્યો હતો ?**

(૧) ૭ વર્ષ કે તેથી વધુ ઉંમરની વ્યક્તિ કોઈપણ એક ભાષા વાંચી અને લખી શકે
(૨) ૧૨ વર્ષથી વધારે ઉંમરની વ્યક્તિ કોઈપણ એક ભાષા લખી શકે
(૩) ૧૦ વર્ષ કે તેથી વધુ ઉંમરની વ્યક્તિ કોઈપણ એક ભાષા વાંચી શકે
(૪) ૧૪ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિ ઓછામાં ઓછું ૭ ધોરણ પાસ હોય

**(૩૬) ભારતમાં લોખંડ અને પોલાદ ઉદ્યોગના પિતા કોણ કહેવાય છે ?**

(૧) રતન તાતા (૨) જમશેદજી તાતા
(૩) નવીન જીંદાલ (૪) સાયરસ મિસ્ત્રી

**(૩૭) ગુજરાતમાં ટેક્સટાઈલ ઉદ્યોગના પિતા કોણ કહેવાય છે ?**

(૧) ધીરૂભાઈ અંબાણી (૨) રણછોડલાલ છોટાલાલ
(૩) મુકેશ અંબાણી (૪) ત્રિભોવનદાસ ગજ્જર

**(૩૮) શ્વેત ક્રાંતિમાં વિશેષ પ્રદાન કરનાર એક ડૉ. કુરિયન તો બીજા કોણ ?**

(૧) ભાઈલાલભાઈ પટેલ (૨) ત્રિભુવનદાસ પટેલ
(૩) કરશનદાસ પટેલ (૪) પરસોત્તમદાસ

**(૩૯) ખાનગી ક્ષેત્રમાં સ્થાપિત થયેલી ભારતની પહેલી ડેરી..**

(૧) અમુલ (૨) ગોકુલ
(૩) ક્વોલીટી (૪) પોલસન

**(૪૦) 'પશ્મિનો '' જાતિના ઘેટાં ક્યાં મળી આવે છે ?**

(૧) ઉત્તર પ્રદેશ (૨) જમ્મુ-કાશ્મીર
(૩) હિમાચલ પ્રદેશ (૪) ઉત્તરાંચલ

**(૪૧) અપ્સરા અણુ ભઠ્ઠી ક્યાં આવેલી છે ?**

(૧) ટ્રોમ્બે (૨) રાજસ્થાન
(૩) ઉ.પ્ર. (૪) ચેન્નઈ

**(૪૨) શરાવતી નદી પર આવેલો જોગનો ધોધ કયા રાજ્યમાં સ્થિત છે ?**

(૧) આંધ્રપ્રદેશ (૨) ઉ.પ્ર.
(૩) કર્ણાટક (૪) તામિલનાડુ

**(૪૩) નર્મદા પ્રોજેક્ટથી કયા રાજ્યને ફાયદો મળશે નહિ ?**

(૧) મધ્યપ્રદેશ (૨) રાજસ્થાન
(૩) મહારાષ્ટ્ર (૪) ઉત્તરપ્રદેશ

**(૪૪) નીચેનામાંથી કયા સ્થળે ટેક્સટાઈલ ઉદ્યોગ વિકસ્યો હશે ?**

(૧) ટોરેન્ટો (૨) ઓસાકા
(૩) શાંગહાઈ (૪) ટોક્યો

**(૪૫) સૌથી વધારે શેરડીનું ઉત્પાદન કયા રાજ્યમાં થાય છે ?**

(૧) ગુજરાત (૨) ઉ.પ્ર.
(૩) તામિલનાડુ (૪) મહારાષ્ટ્ર

**(૪૬) ખાદ્યાન્નમાં રાજા કોણ ?**

(૧) ચોખા (૨) ઘઉં
(૩) મગ (૪) જુવાર

**(૪૭) કપાસના પાક માટે અનુકુળ જમીન કઈ ?**

(૧) કાળી (૨) લાલ
(૩) બદામી (૪) એકપણ વિકલ્પ સાચો નથી.

**(૪૮) ગરમ કાપડના ઉદ્યોગ માટેની પહેલી મીલ ક્યાં શરૂ થઈ હતી ?**

(૧) કાનપુર (૨) દિલ્હી
(૩) કાશ્મીર (૪) સીમલા

**(૪૯) કાગળ માટેની પહેલી મીલ કયા સ્થળે શરૂ થઈ હતી ?**

(૧) રુપનારાયણપુર (૨) નાસિક
(૩) શ્રી રામપુર (૪) સહરાનપુર

**(૫૦) જાપાનનું માનચેસ્ટર....**

(૧) ક્યોટો (૨) ટોક્યો
(૩) ઓસ્લો (૪) ઓસાકા

## જવાબ

**(૧) ૨ (૨) ૧ (૩) ૧ (૪) ૨ (૫) ૪ (૬) ૪ (૭) ૧ (૮) ૨ (૯) ૪ (૧૦) ૪ (૧૧) ૪ (૧૨) ૨ (૧૩) ૨ (૧૪) ૧ (૧૫) ૩ (૧૬) ૧ (૧૭) ૪ (૧૮) ૧ (૧૯) ૩ (૨૦) ૩ (૨૧) ૪ (૨૨) ૨ (૨૩) ૧ (૨૪) ૪ (૨૫) ૩ (૨૬) ૩ (૨૭) ૪ (૨૮) ૧ (૨૯) ૪ (૩૦) ૪ (૩૧) ૨ (૩૨) ૧ (૩૩) ૪ (૩૪) ૨ (૩૫) ૧ (૩૬) ૨ (૩૭) ૨ (૩૮) ૨ (૩૯) ૪ (૪૦) ૨ (૪૧) ૧ (૪૨) ૩ (૪૩) ૪ (૪૪) ૨ (૪૫) ૨ (૪૬) ૨ (૪૭) ૧ (૪૮) ૧ (૪૯) ૩ (૫૦) ૪**

**(૧) ગુજરાત સરકારમાં પ્રથમ લોકાયુક્ત નીચેનામાંથી કોણ ?**
(૧) શ્રી એસ.એમ.સોની (૨) શ્રી ડી.બી.બુચ
(૩) શ્રી ડી.એચ.શુકલા (૪) શ્રી જે.સી.ભટ્ટ

**(૨) ''મિસ્ટર વોટસન કમ હિયર,આઈ વોન્ટ ટુ સી યુ'' પહેલીવાર આ શબ્દો ટેલીફોન ઉપર બોલાયા હતા, તે કોણ બોલ્યુ હતુ?**
(૧) મોક્સ બોર્ન (૨) જહોન કેનેડી
(૩) એલેકઝાન્ડર ગ્રેહામ બેલ (૪) જેમ્સ ગારફિલ્ડ

**(3) ''ફન્ડામેન્ટલ ફિઝિક્સ પ્રાઈસ'' કે જેના ઈનામની રકમ નોબેલ પ્રાઈઝ કરતાં ત્રણ ગણી છે, કયા દેશના ધનિક દ્વારા આપવામાં આવે છે ?**
(૧) યુ.એસ.એ. (૨) ઈંગ્લેન્ડ
(૩) જાપાન (૪) રશિયા

**(૪) માર્કોની પ્રાઈઝ, ૨૦૧૩ આ વર્ષે કોને આપવામાં આવ્યું છે ?**
(૧) લોરેન્સ પેજ (૨) આર્થર. સી. ક્લાર્ક
(૩) રીમ બર્નસ લી (૪) માર્ટીન કુપર

**(૫) ગોંડલના રાજા ભગવતસિંહજી દ્વારા તૈયાર થયેલ ''ભગવત ગોમંડળ'' ગ્રંથના વિશિષ્ટ સંપાદક અને રાજવી સાથે મુખ્ય કાર્યસાધક કે જેમને ૧૯૫૪ના વર્ષનો રણજીતરામ સુવર્ણ ચંદ્રક મળ્યો હતો તે કોણ ?**
(૧) રામલાલભાઈ (૨) ચંદુલાલભાઈ
(૩) નરહરિભાઈ (૪) જીવાભાઈ

**(૬) પાણીમાં રહેલા કયા તત્વને કારણે તે હવામાં ઊડી જતું નથી ?**
(૧) કાર્બન (૨) આર્ગન
(૩) હિલિયમ (૪) હાઈડ્રોજન

**(૭) શંકરરમન હત્યા કેસમાં વિશેષ કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર થયેલ શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતી પર કયા મંદિરના મેનેજરની હત્યાનો આરોપ હતો ?**
(૧) કાંચીપુરમ (૨) પુરી
(૩) બૃહદેશ્વર (૪) મીનાક્ષી મંદિર

**(૮) ભારતે વેસ્ટ ઈન્ડિઝ સામેની વન-ડે શ્રેણી (૨૭મી નવેમ્બર, ૨૦૧૩) જીતી લીધા બાદ આ કેટલામો સળંગ શ્રેણી વિજય હતો ?**
(૧) ત્રીજો (૨) ચોથો
(૩) પાંચમો (૪) છઠ્ઠો

**(૯) તાજેતરમાં સ્પેનના સ્પોર્ટસ ઈતિહાસનો સર્વશ્રેષ્ઠ ખેલાડી કોણ જાહેર થયું?**
(૧) પાઉ ગાસોલ (૨) રાફેલ નડાલ
(૩) માઈગ્યુલ ઈન્ડુરિયન (૪) કાર્લોસ સેઈન્ઝ

**(૧૦) ભારત-વેસ્ટ ઈન્ડિઝની વન-ડે શ્રેણીમાં મેન ઓફ ધ સિરિઝ કોણ બન્યું હતું ?**
(૧) શિખર ધવન (૨) વિરાટ કોહલી
(૩) એમ.એસ.ધોની (૪) મહમ્મદ શમી

**(૧૧) હાલમાં યુનિસેફના સાઉથ એશિયાના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની નિમણુંક કરાઈ છે ?**
(૧) અમિતાભ બચ્ચન (૨) એમ.એસ.ધોની
(૩) સચીન તેંડુલકર (૪) આમીર ખાન

**(૧૨) ગુજરાતના આગામી લોકાયુક્ત તરીકે ૩૦મી નવેમ્બર, ૨૦૧૩નાં રોજ રાજ્યપાલે કોના નામ પર મંજૂરીની મહોર મારી છે?**
(૧) શ્રી ડી.પી.બૂચ (૨) શ્રી આર.આર.મહેતા
(૩) શ્રી ડી.એચ.શુકલા (૪) શ્રી એસ.એમ.સોની

**(૧૩) શતરંજની રમતમાં વિશ્વવિજેતા રહેનાર વિશ્વનાથ આનંદને કાર્લસને હાર આપી, તે કયા દેશના છે?**
(૧) સ્વીડન (૨) નોર્વે
(૩) ઈંગ્લેન્ડ (૪) અમેરિકા

**(૧૪) '' મોઝાર્ટ ઓફ ચેસ'' તાજેતરમાં કોને કહે છે ?**
(૧) વિશ્વનાથ આનંદ (૨) ગેરી કાસ્પારોવ
(૩) કાર્પોવ (૪) કાર્લસન

**(૧૫) ''મિરાતે સિકંદરી'' ના લેખક**
(૧) ઈતમાદ ઉદ દૌલા (૨) જહાંગીર
(૩) સિકંદર ઈબ્નમુહમ્મદ (૪) સૈયદ મુબારક બુખારી

**(૧૬) વાત્રકને કાંઠે ભમ્મરિયો કૂવો અને ચાંદા-સૂરજનો મહેલ બનાવનાર બાદશાહ કોણ?**
(૧) અહમદશાહ (૨) મુઝફ્ફરશાહ બીજો
(૩) મહંમદ બેગડો (૪)મુઝફ્ફરશાહ પહેલો

**(૧૭) ઈ.સ. ૧૮૮૫માં એક સંસ્કૃત પાઠશાળાના મકાનમાં કોંગ્રેસની પ્રથમ સભા મળી હતી, તે કયાં આવેલું હતું?**
(૧) મુંબઈ (૨) સુરત
(૩) દિલ્હી (૪) વારાણસી

**(૧૮) આયુર્વેદ દ્વારા દવાના ઉપયોગમાં આવતા કુલ કેટલા વૃક્ષો વર્ણવ્યા છે ?**
(૧) ૫૦૦૦ (૨) ૨૦૦૦
(૩) ૨૨૦૦ (૪) ૪૨૦૦

**(૧૯) વસ્તીનો કેટલામો ભાગ યુવા (છોકરા-છોકરીઓ)ને ફાળે જાય છે ?**
(૧) છઠ્ઠો (૨) પાંચમો
(૩) સાતમો (૪) ત્રીજો

**(૨૦) નીચેનામાંથી કયુ વય જૂથ 'Productive Population' ગણાય ?**
(૧) ૧૦ થી ૨૦ વર્ષ (૨) ૨૧ થી ૪૦ વર્ષ
(૩) ૧૫ થી ૫૯ વર્ષ (૪) ૨૧ થી ૩૯ વર્ષ

**(૨૧) ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વ્યક્તિને દિવસની કેટલી કેલરીની જરૂર પડે ?**
(૧) ૨૪૦૦ (૨) ૩૨૦૦
(૩) ૨૬૦૦ (૪) ૧૮૦૦

**(૨૨) નીચેનામાંથી કઈ Sanctuary ઉત્તર પ્રદેશમાં આવેલી છે ?**
(૧) પેરિયાર (૨) દચિગામ
(૩) કાઝીરંગા (૪) નંદાદેવી

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર
મનીષ શાહ

**(૨૩) નીચેનામાંથી કઈ Sanctuary જમ્મુ-કાશ્મીરમાં આવેલી છે ?**
(૧) દચિગામ (૨) કાઝીરંગા
(૩) કોર્બેટ (૪) બાંદીપુર

**(૨૪) નીચેનામાંથી કઈ Sanctuary પશ્ચિમ બંગાળમાં આવેલી છે ?**
(૧) નંદાદેવી (૨) મારસ
(૩) કાઝીરંગા (૪) સુંદરવન

**(૨૫) નીચેનામાંથી કયા રાષ્ટ્રીય પાર્કમાં આપણે વાઘ, દીપડો, હાથી અને હરણ વિહરતા જોઈ શકીએ છીએ?**
(૧) કેવલાદેવ (૨) કાન્હા
(૩) કોર્બેટ (૪) બાંદીપુર

**(૨૬) ભારતની પહેલી Sanctuary કયાં સ્થાપવામાં આવી હતી?**
(૧) મધ્યપ્રદેશમાં (૨) નીલગીરીમાં
(૩) આસામ (૪) મેઘાલય

**(૨૭) ગુજરાતમાં પક્ષી અભયારણ્ય નીચેનામાંથી કયું ?**
(૧) સાંભર સરોવર (૨) નળ સરોવર
(૩) નારાયણ સરોવર (૪) કાંકરિયા સરોવર

**(૨૮) નીચેનામાંથી કયા ભારતીય પ્રદેશમાં આપણે મીઠા પાણી (કુદરતી)ના સરોવરો જોઈ શકીએ?**
(૧) નર્મદાના તટીય વિસ્તારોમાં (૨) હિમાલયના પ્રદેશ
(૩) કાવેરી તટીય વિસ્તારો (૪) ક્રિશ્રા તટીય વિસ્તારોમાં

**(૨૯) નર્મદા નદીનું ઉદ્દગમ સ્થળ કયુ રાજય છે?**
(૧) ગુજરાત (૨) મહારાષ્ટ્ર
(૩) ઉત્તરપ્રદેશ (૪) મધ્યપ્રદેશ

**(૩૦) ક્યારેક સંસદ કે વિધાનસભા તેની મુદત પૂરી થયા પૂર્વે બરખાસ્ત થાય અને નવી ચૂંટણીઓ થાય છે. આ પ્રકારની ચૂંટણીને શું કહેવાય ?**
(૧) પેટા-ચૂંટણી (૨) આંશિક ચૂંટણી
(૩) મધ્યસત્ર ચૂંટણી (૪) વાર્ષિક ચૂંટણી

**(૩૧) લોકશાહી દેશ માટે ચૂંટણી એટલે?**
(૧) ક્રાંતિકારી પ્રક્રિયા (૨) ન્યાયિક પ્રક્રિયા
(૩) બેરોમીટર (૪) બધા વિકલ્પો ખોટા છે.

**(૩૨) જ્યારે સંસદ કે ધારા સભ્યના કોઈ સભ્યનું મૃત્યુ થાય કે તે પદત્યાગ કરે ત્યારબાદ તે જગા ભરવા ચૂંટણી યોજાય તે?**
(૧) સામાન્ય ચૂંટણી (૨) પ્રતીકાત્મક ચૂંટણી
(૩) પેટા-ચૂંટણી (૪) મધ્યસત્ર ચૂંટણી

**(૩૩) નીચેનામાંથી કયો રાષ્ટ્રિય પક્ષ છે?**
(૧) શિવસેના (૨) અકાલી દળ
(૩) બહુજન જનતા પાર્ટી (૪) કોમ્યુનીસ્ટ પાર્ટી

**(૩૪) નીચેનામાંથી કયો પ્રાદેશિક રાષ્ટ્રીય પક્ષ નથી?**
(૧) બહુજન સમાજ પક્ષ (૨) દ્રવિડ મુનેત્ર કઝગમ
(૩) શિવસેના (૪) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ

**(૩૫) બધા લોકશાહી દેશોમાં સૌથી વધુ સંખ્યામાં મતદાર નીચેનામાંથી કયા દેશ પાસે હશે?**
(૧) ચીન (૨) ઈંગ્લેન્ડ
(૩) ભારત (૪) યુ.એસ.એ.

**(૩૬) સરકાર લોકશાહીમાં કોની પાસેથી સત્તા મેળવે છે ?**
(૧) રાષ્ટ્રપતિ (૨) મંત્રીમંડળ
(૩) કેબીનેટ (૪) પ્રજા

**(૩૭) નીચેનામાંથી કયા ક્ષેત્રના ભારતીય નિષ્ણાતોએ વિશ્વભરમાં ખ્યાતિ મેળવી છે ?**
(૧) કમ્પ્યૂટર (૨) અવકાશ
(૩) ખેતી (૪) અણું સંશોધન

**(૩૮) કયા ભારતીય શહેરે વિશ્વમાં કમ્પ્યૂટર સોફ્ટવેરના વિકાસમાં નવા ઉચ્ચાંકો હાંસલ કર્યા છે?**
(૧) મુંબઈ (૨) કલકત્તા
(૩) પૂના (૪) બેંગલુરુ

**(૩૯) કેન્દ્રીય સરકારે રાજ્ય પુનઃ રચના આયોગની સ્થાપના ક્યારે કરી?**
(૧) ઈ.સ. ૧૯૫૩ (૨) ઈ.સ. ૧૯૫૧
(૩) ઈ.સ. ૧૯૫૫ (૪) ઈ.સ. ૧૯૫૬

**(૪૦) નવેમ્બર, ૨૦૦૦માં મધ્યપ્રદેશમાંથી કયુ નવું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ?**
(૧) ઝારખંડ (૨) ઉત્તરાંચલ
(૩) છત્તીસગઢ (૪) બધા વિકલ્પો ખોટા છે.

**(૪૧) ઈ.સ. ૧૯૭૨માં આસામમાંથી કયુ અલગ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું?**
(૧) મણિપુર (૨) ત્રિપુરા
(૩) મેઘાલય (૪) અરૂણાચલ પ્રદેશ

**(૪૨) ભરતનાટ્યમનું ઉદ્દગમ તામિલનાડુમાં કયા સ્થળે થયું હોવાનું માનવામાં આવે છે ?**
(૧) ચેર (૨) મદુરાઈ
(૩) તાંજોર (૪) તિરુવનંતપુરમ્

**(૪૩) ''કથ્થકલી'' નૃત્યનું જન્મસ્થળ ?**
(૧) તામિલનાડુ (૨) કેરળ
(૩) આંધ્રપ્રદેશ (૪) કર્ણાટક

**(૪૪) કથ્થક નૃત્યનો વિકાસ કોની જીવનધારા પર આધારિત છે ?**
(૧) ભગવાન શિવ (૨) વિષ્ણુ
(૩) નારદ (૪) શિવ-પાર્વતી

**(૪૫) કવિ કાલીદાસે લખેલ ''અભિજ્ઞાન શાંકુતલમ'' એ રોમેન્ટિક ડ્રામામાં કયા મહત્વના પુરુષપાત્રનું વર્ણન છે?**
(૧) મદન (૨) દુષ્યંત
(૩) પૃથ્વીરાજ (૪) વિષ્ણુ

**(૪૬) 'સ્વપ્ન વાસવદત્તા'' ના લેખક?**
(૧) કાલિદાસ (૨) પંડિત નારાયણ
(૩) ભૂવભૂતિ (૪) ભાસ

**(૪૭) કવિઓમાં કવિ...**
(૧) પંડિત નારાયણ (૨) ભૂવભૂતિ
(૩) ભાસ (૪) વિષ્ણુ શર્મા

**(૪૮) ગરમ કાપડના મુખ્ય કેન્દ્રોમાં નીચેનામાંથી કયો વિકલ્પ સાચો નથી?**
(૧) ધારીવાલ (૨) લુધિયાણા
(૩) ચંદીગઢ (૪) બિકાનેર

**(૪૯) એગ્રો બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝમાં કયો વિકલ્પ સાચો નથી?**
(૧) કપાસ (૨) વેજીટેબલ ઓઈલ
(૩) ફર્ટિલાઈઝર અને રસાયણ(૪) શણ

**(૫૦) રેલ્વે કોચ બનાવવાના કેન્દ્રોમાં કયો વિકલ્પ સાચો નથી?**
(૧) પેરામ્બુર (૨) બેંગલુરુ
(૩) કપુરથલા (૪) દિલ્હી

## જવાબ

(૧) ૩ (૨) ૩ (૩) ૪ (૪) ૪ (૫) ૨ (૬) ૪ (૭) ૧ (૮) ૪ (૯) ૨ (૧૦) ૨ (૧૧) ૩ (૧૨) ૧ (૧૩) ૨ (૧૪) ૪ (૧૫) ૩ (૧૬) ૩ (૧૭) ૧ (૧૮) ૨ (૧૯) ૨ (૨૦) ૩ (૨૧) ૧ (૨૨) ૪ (૨૩) ૧ (૨૪) ૪ (૨૫) ૩ (૨૬) ૨ (૨૭) ૨ (૨૮) ૨ (૨૯) ૪ (૩૦) ૩ (૩૧) ૩ (૩૨) ૩ (૩૩) ૪ (૩૪) ૪ (૩૫) ૩ (૩૬) ૪ (૩૭) ૧ (૩૮) ૪ (૩૯) ૧ (૪૦) ૩ (૪૧) ૩ (૪૨) ૩ (૪૩) ૨ (૪૪) ૨ (૪૫) ૨ (૪૬) ૪ (૪૭) ૩ (૪૮) ૪ (૪૯) ૩ (૫૦) ૪

**(૧) જૈન ધર્મના રક્ષક દેવ તરીકે જાણીતા માણિભદ્રવીરની પૂજાના મૂળ સ્થાનકમાં નીચેના પૈકી કયો વિકલ્પ ખોટો છે?**
(૧) આગલોડ (૨) મગરવાડા
(૩) ઉજ્જૈન (૪) ભોંયણી

**(૨) ઈ.સ. ૧૯૫૯માં તાસ્કંદમાં રશિયન ભાષામાં કયું ગુજરાતી નાટક ભજવાયું હતું.?**
(૧) મા બાપ (૨) ભાઈ
(૩) છોરૂં-કછોરૂં (૪) મા બાપને ભૂલશો નહિ

**(૩) કયા કવિએ પોતાની કૃતિ ''વેન ચરિત્ર''માં વિધવા વિવાદના પ્રશ્નની ચર્ચા કરી છે?**
(૧) કવિ દલપતરામ (૨) ઉમાશંકર જોષી
(૩) નર્મદ (૪) ગોવર્ધનરામ ત્રિપાઠી

**(૪) 'કર્ણસુંદરી'' નામી સુપ્રસિધ્ધ નાટિકાના રચયિતાનું નામ આપો.**
(૧) કલ્હણ (૨) બિલ્હણ
(૩) ક.મા.મુન્શી (૪) જયદેવ

**(૫) ગુજરાતના કયા મુખ્યમંત્રી ત્રિ-સ્તરીય પંચાયતી રાજના પ્રણેતા હતા?**
(૧) ડૉ. જે. એન. મહેતા (૨) હિતેન્દ્રભાઈ દેસાઈ
(૩) બળવંતરાય મહેતા (૪) બાબુભાઈ શાહ

**(૬) અમદાવાદમાં આવેલી કઈ સંસ્થામાં સૌથી વધુ સંખ્યામાં જૈન ધર્મની દુલર્ભ હસ્તપત્રો સચવાયેલી છે?**
(૧) એલ. ડી. ઈન્ડોલોજી (૨) જ્ઞાન મંદિર
(૩) હઠીસિંગના દેરાં (૪) માણેકચોક

**(૭) કચ્છમાં આવેલ પાનન્ધ્રો ક્ષેત્ર કયા ખનીજના ઉત્પાદન માટે અતિ મહત્વનું છે?**
(૧) લિગ્નાઈટ (૨) યુરેનિયમ
(૩) રેડિયમ (૪) થોરિયમ

**(૮) ગુજરાતનો કયો જિલ્લો ''યુકેલિપ્ટસ જિલ્લો'' ગણાય છે ?**
(૧) ભાવનગર (૨) અમરેલી
(૩) જૂનાગઢ (૪) નવસારી

**(૯) સ્વામી આનંદે પોતાના જીવન ઘડતરમાં ફાળો આપનાર પરાક્રમી ભાટિયા સ્ત્રીપુરૂષોનાં ચરિત્રો કયાં ગ્રંથમાં રચ્યા છે?**
(૧) નઘરોળ (૨) કુળકથાઓ
(૩) ગ્રામલક્ષ્મી (૪) મનખા

**(૧૦) રમણલાલ વસંતલાલ દેસાઈની કઈ નવલકથાએ અનેક ભણેલા-ગણેલા યુવાનોને ગ્રામ સુધાર ક્ષેત્રે વાળ્યા હતા?**
(૧) ગ્રામલક્ષ્મી (૨) ઘર-ઘરની વાત
(૩) ગ્રામ જીવન (૪) આશ્રમ શાળા

**(૧૧) વિરમગામ જંક્શન પર લેવાતી અન્યાયી જકાત વિશે સૌ પ્રથમ ગાંધીજીને કોણે માહિતગાર કર્યા?**
(૧) જુગતરામ દવે (૨) મહાદેવભાઈ દેસાઈ
(૩) રસિકલાલ પરીખ (૪) મોતીલાલ દરજી

**(૧૨) છમાંથી મળી આવેલ કરોડો વર્ષ જૂના અશ્મિઓને સાચવતું ''વિઠોર ફોસિલ પાર્ક'' કયાં આવેલું છે ?**
(૧) માંડવી (૨) અંજાર
(૩) ગાંધીધામ (૪) ભચાઉ

**(૧૩) દક્ષિણ ગુજરાતમાં આદિવાસીઓના ઉત્થાન માટે કાર્ય કરતા ''રાની પરજ સેવાસંઘ'' ની સ્થાપના કોણે કરી હતી?**
(૧) રસિકલાલ પરીખ (૨) શામળદાસ ગાંધી
(૩) જુગતરામ દવે (૪) મોહનલાલ પંડ્યા

**(૧૪) ''જ્યાં સુધી ગુજરાતી ભાષાને ગૌરવ નહીં મળે ત્યાં સુધી પાઘડી નહીં પહેરૂં'' આવી પ્રતિજ્ઞા કોણે લીધી હતી?**
(૧) બ. ક. ઠાકોર (૨) મહાકવિ પ્રેમાનંદ
(૩) નર્મદ (૪) ઉમાશંકર જોષી

**(૧૫) સયાજીરાવ ગાયકવાડે સૌ પ્રથમ કયા સ્થળે મફત અને ફરજિયાત શિક્ષણનો પ્રયોગ કર્યો હતો?**
(૧) અમરેલી (૨) વડોદરા
(૩) આણંદ (૪) નડિયાદ

**(૧૬) પ્રાચીન સમયમાં ''દંડકારણ્ય'' તરીકે ઓળખાતો પ્રદેશ અર્વાચીન ગુજરાતમાં કયા નામે ઓળખાય છે ?**
(૧) સાબરકાંઠા (૨) અરવલ્લી
(૩) ડાંગ (૪) રાજપીપળા

**(૧૭) 'પોસ્ટ ઓફિસ'' ના સર્જક.............**
(૧) સ્નેહરશ્મિ (૨) દર્શક
(૩) ધૂમકેતુ (૪) ઉશનસ

**(૧૮) ભારતના સૌથી જૂના પ્રાણીસંગ્રહાલય સક્કરબાગ (જૂનાગઢ)ની સ્થાપના કઈ સાલમાં કરાઈ હતી ?**
(૧) ઈ.સ. ૧૯૬૩ (૨) ઈ.સ. ૧૮૬૩
(૩) ઈ.સ. ૧૮૯૧ (૪) ઈ.સ. ૧૯૧૩

**(૧૯) ૧૫મી સદીમાં સાઉથ આફ્રિકા ખાતે કોણે પોતાની પ્રથમ કોલોની સ્થાપી હતી?**
(૧) બ્રિટિશ (૨) ડચ
(૩) ફ્રેન્ચ (૪) જર્મન

**(૨૦) નીચેનામાંથી કોના નેતૃત્વ નીચે જર્મનીએ એકીકરણ પૂર્ણ કર્યું હતું.?**
(૧) બિસ્માર્ક (૨) ગેરિબાલ્ડી
(૩) હિટલર (૪) માઝિમી

**(૨૧) પહેલા વિશ્વયુધ્ધમાં કુલ કેટલા દેશોએ ભાગ લીધો હતો?**
(૧) ૨૨ (૨) ૩૨
(૩) ૪૨ (૪) ૫૨

**(૨૨) મધ્ય એશિયાના લોકોને વાસી દૂધમાંથી બનાવેલું એક પીણું પ્રિય હોય છે તે કયું ?**
(૧) કુમિસ (૨) ટોરકું
(૩) જાથુ (૪) લોથુ

**(૨૩) દક્ષિણ-પશ્ચિમ એશિયાના લોકો માટેનું કલ્પવૃક્ષ સમાન વૃક્ષ નીચેનામાંથી કયું?**
(૧) ખજૂરી (૨) શેરડી
(૩) તમાકુ (૪) કાજુ

**(૨૪) ઉત્તર એશિયાના લોકો ઉનાળામાં ચામડામાંથી બનાવેલા તંબુમાં રહે છે તેને શું કહે છે ?**
(૧) ટોર્નિસ (૨) લોપિક
(૩) ટ્યુપિક (૪) ઈગ્લુ

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

**મનીષ શાહ**

**(૨૫) કયા શહેરમાં જમશેદજીતાતાએ લોખંડના કારખાનાની સ્થાપના ઈ.સ. ૧૯૦૭માં કરેલી?**
(૧) રાંચી (૨) હલ્દિયા
(૩) જમશેદપુર (૪) રૂરકેલા

**(૨૬) શણના ઉત્પાદનમાં કયો દેશ પ્રથમ સ્થાન ધરાવે છે?**
(૧) બાંગ્લાદેશ (૨) ભારત
(૩) ચીન (૪) મલેશિયા

**(૨૭) મત્સ્ય ઉધોગમાં નીચેનામાંથી કયો દેશ એશિયામાં પ્રથમ સ્થાન ધરાવે છે?**
(૧) ભારત (૨) બાંગ્લાદેશ
(૩) પાકિસ્તાન (૪) જાપાન

**(૨૮) એશિયા ખંડ કયા રેખાંશવૃત્તો વચ્ચે આવેલો છે ?**
(૧) ૨૫° પૂ.રેખાંશવૃત્ત થી ૧૭૫° પૂ.રેખાંશવૃત્ત
(૨) ૩૫° પૂ.રેખાંશવૃત્ત થી ૧૬૫° પૂ.રેખાંશવૃત્ત
(૩) ૪૫° પૂ.રેખાંશવૃત્ત થી ૧૫૫° પૂ.રેખાંશવૃત્ત
(૪) ૫૫° પૂ.રેખાંશવૃત્ત થી ૧૪૫° પૂ.રેખાંશવૃત્ત

**(૨૯) ભારતમાં હવામાન ખાતાએ વાવાઝોડાના આગમન પહેલાં કેટલા સ્તરીય ચેતવણીની પ્રથા ઊભી કરેલી છે?**
(૧) ત્રિસ્તરીય (૨) ચાર સ્તરીય
(૩) દ્વિસ્તરીય (૪) એક સ્તરીય

**(૩૦) ઘરમાં આગ લાગે તો ફાયરબ્રિગેડને કયા નંબરથી ફોન કરવો જોઈએ ?**
(૧) ૧૦૮ (૨) ૧૦૧
(૩) ૧૦૦ (૪) ૯૯

**(૩૧) કઈ સામુદ્રધુની બેફિનની ખાડી અને લાબ્રાડોરના સાગરને જોડે છે ?**
(૧) હડસન (૨) ડેવિસ
(૩) ટોરસ (૪) ડ્રેઈક

**(૩૨) કઈ સામુદ્રધુની કોરલ સાગર અને આરાફુરા સાગરને જોડે છે ?**
(૧) ટોરસ (૨) બેરિંગ
(૩) હડસન (૪) ડ્રેઈક

**(33) એટલેન્ટિક અને પેસિફિક મહાસાગરને કઈ સમુદ્રધુની જોડે છે ?**
(૧) ડ્રેઈક (૨) હડસન
(૩) ડેવિલ (૪) ટોરસ

**(૩૪) વિશ્વનું સૌથી ઊંડું સરોવર નીચેનામાંથી કયું ?**
(૧) સુપિરિય (૨) બૈકલ
(૩) મૃત (૪) કાસ્પિયન

**(૩૫) ઉ. અમેરિકાના દક્ષિણ ભાગમાં કયો અખાત આવેલો છે ?**
(૧) મેકિસકો (૨) અલાસ્કા
(૩) એડન (૪) ઓમાન

**(૩૬) યુરોપ અને આફ્રિકાની વચ્ચે કયો સમુદ્ર આવેલો છે ?**
(૧) શ્વેત (૨) કાળો
(૩) રાતો (૪) પીળો

**(૩૭) ચીનના પૂર્વ ભાગમાં કયો સમુદ્ર આવેલો છે ?**
(૧) પીળો (૨) નીલો
(૩) રાતો (૪) શ્વેત

**(૩૮) કૃત્રિમ વરસાદના પ્રયોગમાં વાદળો ઉપર કયું રસાયણ છાંટવામાં આવે છે ?**
(૧) પોટેશિયમ કલોરાઈડ (૨) સલ્ફ્યુરિક એસિડ
(૩) નાઈટ્રોજન હાઈડ્રોક્સાઈડ
(૪) સોડિયમ કલોરાઈડ

**(૩૯) આર્દ્રા એ કઈ ઋતુનું નક્ષત્ર છે ?**
(૧) હેમંત (૨) શિશિર
(૩) ચોમાસું (૪) ઉનાળો

**(૪૦) ચક્રવાતને વેસ્ટઈન્ડિઝમાં શું કહે છે ?**
(૧) ટાયફૂન (૨) સાયકલોન
(૩) ટોર્નેડો (૪) હરિકેન

**(૪૧) આપણા વાતાવરણમાં નાઈટ્રોજનનું પ્રમાણ કેટલું છે?**
(૧) ૨૧ % (૨) ૭૮ %
(૩) ૪૫ %. (૪) ૬૭ %

**(૪૨) હાઈડ્રોજનનું આપણા વાતાવરણમાં પ્રમાણ કેટલું હશે?**
(૧) ૨૦ % (૨) ૧૩ %.
(૩) ૩ % (૪) નહિવત

**(૪૩) સુપ્રિમ કોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ એ. કે. ગાંગુલી સામે ''લો ઈર્ન્ટન'' જાતીય છેડતીના આરોપ બાદ કયા રાજ્યના માનવ અધિકાર પંચના વડાનું પદ છોડવા દબાણ વધી રહ્યું છે ?**
(૧) ગોવા (૨) પશ્ચિમ બંગાળ
(૩) ઉત્તરપ્રદેશ (૪) ઝારખંડ

**(૪૪) દ.આફ્રિકામાં રંગભેદી નીતિ સામે જંગ ચલાવનાર નેલ્સન મંડેલાના અગ્નિ સંસ્કાર કયા સ્થળે થવાના છે?**
(૧) જહોનિસબર્ગ (૨) પ્રિટોરિયા
(૩) કવુનુ (૪) બ્રાઝિલ

**(૪૫) ભારત રત્ન નેલ્સન મંડેલાના સન્માનમાં ભારત સરકારે કેટલા દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે ?**
(૧) ૫ દિવસ (૨) ૭ દિવસ
(૩) ૧૦ દિવસ (૪) ૩ દિવસ

**(૪૬) અલબરૂનીની કબર કયા સ્થળે આવેલી છે ?**
(૧) અફઘાનિસ્તાન (૨) તુર્કી
(૩) ઈરાન (૪) ઈરાક

**(૪૭) મહાન વિજ્ઞાન કથા લેખક નીચેનામાંથી કોણ ગણાય ?**
(૧) શેકસ્પિયર (૨) જુલેવર્ન
(૩) લિયોનાર્ડો દ વિન્ચી (૪) ચાર્લ્સ ડિકન્સ

**(૪૮) કયા ગ્રહની આસપાસ ફરતાં કુદરતી ઉપગ્રહોના નામ મહાન નાટયકાર શેકસ્પિયરના નાટકો પરથી રાખવામાં આવ્યા છે ?**
(૧) નેપ્ચ્યુન (૨) યુરેનસ
(૩) પ્લુટો (૪) શનિ

**(૪૯) નીચેનામાંથી કયા ભાગમાં આવેલ ટેમ્પોરલ હાડકું માનવ શરીરનું સૌથી સખત હાડકું છે?**
(૧) નાક (૨) કાન
(૩) છાતી (૪) ખભો

**(૫૦) રૂા. ૫૬૦૦ કરોડના કૌભાંડમાં હાલમાં કયા સ્ટોક એકસચેન્જનું નામ ખરડાયું છે.**
(૧) બી.એસ.ઈ. (૨) એન.એસ.ઈ.એલ
(૩) કોલકતા સ્ટોક એકસચેન્જ (૪) એન.સી.એકસ.

## જવાબ

**(૧) ૪ (૨) ૩ (૩) ૧ (૪) ૨ (૫) ૩ (૬) ૧ (૭) ૧ (૮) ૧ (૯) ૨ (૧૦) ૧ (૧૧) ૪ (૧૨) ૧ (૧૩) ૩ (૧૪) ૨ (૧૫) ૧ (૧૬) ૩ (૧૭) ૩ (૧૮) ૨ (૧૯) ૨ (૨૦) ૧ (૨૧) ૨ (૨૨) ૧ (૨૩) ૧ (૨૪) ૩ (૨૫) ૩ (૨૬) ૧ (૨૭) ૪ (૨૮) ૧ (૨૯) ૨ (૩૦) ૨ (૩૧) ૨ (૩૨) ૧ (33) ૧ (૩૪) ૨ (૩૫) ૧ (૩૬) ૨ (૩૭) ૧ (૩૮) ૪ (૩૯) ૩ (૪૦) ૪ (૪૧) ૨ (૪૨) ૪ (૪૩) ૨ (૪૪) ૩ (૪૫) ૧ (૪૬) ૧ (૪૭) ૨ (૪૮) ૨ (૪૯) ૨ (૫૦) ૨**

**(૧) આયોજનની દિશામાં પહેલું કદમ કોણે ઈ.સ. ૧૯૩૪ 'પ્લાન્ડ ઈકોનોમી ઓફ ઈન્ડિયા' એ પુસ્તકમાં યોજનાની પ્રથમ સમજૂતી આપીને ઉપાડ્યું હતું ?**
(૧) જવાહરલાલ નહેરુ (૨) એમ. વિશ્વેશ્વરૈયા
(૩) એમ. એન. રોય (૪) શ્રીમન્નારાયણ

**(૨) કઈ યોજના અંતર્ગત શ્રી એમ.એન.રોયે ભારતીય શ્રમિક પરિસંઘ તરફથી ''જન યોજના'' તૈયાર કરી હતી ?**
(૧) બોમ્બે પ્લાન (૨) વિકાસ પરિધિ
(૩) પ્લાન્ડ ઈકોનોમી એન્ડ ડેવલપમેન્ટ
(૪) કોલકત્તા પ્લાન

**(૩) કોની અધ્યક્ષતામાં રચાયેલ આર્થિક કાર્યક્રમ સમિતિએ ૨૫મી જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ ભારતમાં આયોજન પંચ રચવાની ભલામણો કરી ?**
(૧) શ્રીમન્નારાયણ (૨) મહાત્મા ગાંધી
(૩) જવાહરલાલ નહેરુ (૪) સરદાર પટેલ

**(૪) કયા વર્ષમાં શ્રી જવાહરલાલ નહેરુની અધ્યક્ષતા હેઠળ ''રાષ્ટ્રીય આયોજન સમિતિ''ની સ્થાપના થઈ ?**
(૧) ઈ.સ.૧૯૩૮ (૨) ઈ.સ.૧૯૪૯
(૩) ઈ.સ.૧૯૩૬ (૪) ઈ.સ.૧૯૫૦

**(૫) કોઈપણ દેશની આવક ને આંકવા માટે અર્થશાસ્ત્રમાં સામાન્ય રીતે કેટલા દૃષ્ટિકોણ હોય છે ?**
(૧) ત્રણ (૨) ચાર
(૩) બે (૪) પાંચ

**(૬) ૧૯૯૯-૨૦૦૦ના વર્ષને સ્થિર મૂલ્ય વર્ષ (આધાર વર્ષ) માનવામાં આવે છે તે અગાઉ આધાર વર્ષ કયું હતું ?**
(૧) ૧૯૯૦-૯૧ (૨) ૧૯૯૩-૯૪
(૩) ૧૯૯૬-૯૭ (૪) ૧૯૮૭-૮૮

**(૭) આવકવેરાના સંદર્ભમાં જો પરિવહન ભથ્થું તે ભથ્થા તરીકે અપાતું હોય, તો દર વર્ષે કેટલા રૂા. કરમુક્તિ તરીકે મળી શકે ?**
(૧) રૂા. ૪૮૦૦ (૨) રૂા. ૯૬૦૦
(૩) રૂા. ૨૦,૦૦૦ (૪) રૂા. ૨૪૦૦

**(૮) આવકવેરા કાયદાની કઈ કલમ હેઠળ કુલ મર્યાદા રૂા.૧,૦૦,૦૦૦ અંતર્ગત રોકાણો અને ખર્ચાઓને કરમાંથી છૂટ મળી શકે ?**
(૧) કલમ □□ સી (૨) કલમ □□ ડી.ડી.
(૩) કલમ □□ એ (૪) કલમ □□ બી

**(૯) આવકવેરા ધારાની કલમ □□ ડી હેઠળ સ્વાસ્થ્ય વીમા માટે સામાન્ય સંજોગોમાં કેટલી રકમ બાદ મળે છે ?**
(૧) રૂા. 20,000 (૨) રૂા. 35,000
(૩) રૂા. 50,000 (૪) રૂા. 15,000

**(૧૦) આવકવેરા ધારા હેઠળ પોતાની માલિકીની મિલકત માટે હાઉસિંગ લોનના વ્યાજ તરીકે પ્રતિ વર્ષ વધુમાં વધુ કેટલી રકમની છૂટ મળે ?**
(૧) રૂા. 1,00,000 (૨) રૂા. 2,00,000
(૩) રૂા. 50,000 (૪) રૂા. 1,50,000

**(૧૧) ભારતમાં લાગુ કરવામાં આવેલ શિક્ષણ ઉપકર કુલ કરપાત્ર રકમના કેટલા ટકા છે ?**
(૧) □□ (૨) □□
(૩) □□□□ (૪) □□□

**(૧૨) અંગ્રેજી શબ્દ કંપની (Company) નીચેનામાંથી કયા સૈન્યના શબ્દ Compaignic પરથી ઉતરી આવ્યો છે ?**
(૧) લેટિન (૨) અમેરિકન
(૩) ફ્રેન્ચ (૪) પર્શિયન

**(૧૩) ભારત આંતરખંડીય બેલેસ્ટિક મિસાઈલ બનાવતો વિશ્વનો કેટલામો દેશ છે ?**
(૧) પાંચમો (૨) સાતમો
(૩) નવમો (૪) છઠ્ઠો

**(૧૪) ૧૯૨૧માં થયેલ પ્રથમ વિધાનસભાની રચના બાદ પ્રથમ સ્પીકર કોણ હતું ?**
(૧) વિઠ્ઠલભાઈ પટેલ (૨) સર ફેડરિક વ્હાઈટ
(૩) સચ્ચિદાનંદ સિંહા (૪) એકપણ વિકલ્પ સાચો નથી.

**(૧૫) સંવિધાન સભાની પ્રથમ બેઠક કઈ તારીખે મળી હતી ?**
(૧) ૧૮મી નવેમ્બર,૧૯૪૭
(૨) ૧૭મી નવેમ્બર, ૧૯૪૭
(૩) ૨૧મી નવેમ્બર, ૧૯૪૭
(૪) ૨૩મી નવેમ્બર, ૧૯૪૭

**(૧૬) રાજયસભાના પ્રથમ ડેપ્યુટી અધ્યક્ષ કોણ હતા ?**
(૧) ડૉ. એસ. રાધાકૃષ્ણન (૨) એસ.વી. કૃષ્ણમૂર્તિરાવ
(૩) અનંત શયનમ આયંગર(૪) ડૉ. રાજેન્દ્રપ્રસાદ

**(૧૭) કાઉન્સિલ ઓફ સ્ટેટસ (રાજયસભા)ની રચના ક્યારે થઈ ?**
(૧) મે, ૧૯૫૧ (૨) મે, ૧૯૫૦
(૩) મે, ૧૯૫૨ (૪) મે, ૧૯૫૩

**(૧૮) કયા વર્ષમાં કાઉન્સિલ ઓફ સ્ટેટસનું નામ બદલી હિન્દીમાં ''રાજયસભા'' રખાયું ?**
(૧) ૧૯૫૩ (૨) ૧૯૫૪
(૩) ૧૯૫૫ (૪) ૧૯૫૬

**(૧૯) સંવિધાન સભાના સ્થાયી અધ્યક્ષ નીચેનામાંથી કોણ ?**
(૧) એમ.એન.રોય (૨) ડૉ.બી.આર.આંબેડકર
(૩) જવાહરલાલ નહેરુ (૪) ડૉ. રાજેન્દ્રપ્રસાદ

**(૨૦) ત્રીજી પંચવર્ષીય યોજનાનો કાર્યકાળ નીચેનામાંથી કયો ?**
(૧) ૧૯૬૧-૬૬ (૨) ૧૯૬૦-૬૫
(૩) ૧૯૬૨-૬૭ (૪) ૧૯૫૯-૬૪

**(૨૧) આર્થિક તંગીના કારણે ત્રણ વાર્ષિક યોજનાઓ ક્યારે આવી ?**
(૧) ૧૯૭૦-૭૩ (૨) ૧૯૬૫-૬૮
(૩) ૧૯૬૬-૬૯ (૪) ૧૯૬૪-૬૭

**(૨૨) કઈ પંચવર્ષીય યોજના દરમ્યાન ૨૦-સૂત્રી કાર્યક્રમ લાગુ કરવામાં આવ્યો હતો ?**
(૧) પાંચમી (૨) છઠ્ઠી
(૩) ચોથી (૪) સાતમી

**(૨૩) 'ગરીબી હટાવો' એ મંત્ર કઈ પંચવર્ષીય યોજનામાં આપવામાં આવ્યો હતો ?**
(૧) છઠ્ઠી (૨) સાતમી
(૩) પાંચમી (૪) આઠમી

**(૨૪) સંસદ સભ્ય સ્થાનીય ક્ષેત્રીય વિકાસ યોજના (□□□□□□) નો પ્રારંભ કયા વર્ષમાં થયો ?**
(૧) ૧૯૯૦-૯૧ (૨) ૧૯૯૨-૯૩
(૩) ૧૯૯૩-૯૪ (૪) ૧૯૯૪-૯૫

**(૨૫) યુનોનું પ્રથમ સત્ર વેસ્ટ મિન્સ્ટર ખાતે ક્યારે યોજાયું ?**
(૧) ૧૦મી જાન્યુઆરી,૧૯૪૬
(૨) ૨૫મી જાન્યુઆરી, ૧૯૪૬
(૩) ૧૮મી જાન્યુઆરી, ૧૯૪૬
(૪) ૧૩મી જાન્યુઆરી, ૧૯૪૬

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

**મનીષ શાહ**

**(૨૬) સંયુક્ત રાષ્ટ્રનો ધ્વજ કયા વર્ષમાં અપનાવાયો ?**
(૧) ૧૯૪૬ (૨) ૧૯૪૭
(૩) ૧૯૪૮ (૪) ૧૯૪૯

**(૨૭) કયા વર્ષમાં યુ.એન. દ્વારા આર્થિક સંવિધાન અપનાવવામાં આવ્યું ?**
(૧) ૧૯૭૪ (૨) ૧૯૭૫
(૩) ૧૯૭૬ (૪) ૧૯૭૭

**(૨૮) સંયુક્ત રાષ્ટ્રના સૌથી પ્રમુખ અધિકારી- ''મહાસચિવ''ની નિમણૂંક કેટલા વર્ષ માટે કરવામાં આવે છે ?**
(૧) ૫ વર્ષ (૨) ૩ વર્ષ
(૩) ૪ વર્ષ (૪) ૬ વર્ષ

**(૨૯) મહર્ષિ અરવિંદનું જન્મ સ્થળ નીચેનામાંથી કયું ?**
(૧) કોલકત્તા (૨) પોંડિચેરી
(૩) મુંબઈ (૪) દિવ

**(૩૦) નીચેનામાંથી કોણ ક્યારેય ભારતના વડાપ્રધાન નહોતા ?**
(૧) ચૌધરી ચરણસિંહ (૨) શ્રી ચંદ્રશેખર
(૩) શ્રી એચ. ડી. દેવગૌડા (૪) દેવીલાલ

**(૩૧) ગુજરાતના કયા સ્વાતંત્ર્યવીર ''દરબાર''ના ઉપનામથી ઓળખાય છે ?**
(૧) ગોપાળદાસ (૨) શ્યામજીકૃષ્ણ વર્મા
(૩) ભગવતસિંહ (૪) કૃષ્ણસિંહ

**(૩૨) એશિયાખંડનું નિમ્નત્તમ બિંદુ નીચેનામાંથી કયું ?**
(૧) મૃત સાગર (૨) અસાઈ ઝીલ
(૩) વાલ્સેસ પેનિલા (૪) મૃત ઘાટી

**(૩૩) નીચેનામાંથી કયા મહાસાગરનું ક્ષેત્રફળ સૌથી ઓછું છે ?**
(૧) એટલાન્ટિક મહાસાગર(૨) હિંદ મહાસાગર
(૩) દક્ષિણ મહાસાગર (૪) આર્કટિક મહાસાગર

**(૩૪) નીચેનામાંથી કયો મહાસાગર સૌથી ઊંડો છે ?**
(૧) પ્રશાંત (૨) હિન્દ
(૩) કેરેબિયન (૪) એટલાન્ટિક

**(૩૫) ગુજરાતના કયા વિસ્તારોમાં જૈન ધર્મના લોકોની સંખ્યા વધુ છે?**
(૧) ઉત્તર ગુજરાત અને કચ્છ (૨) મધ્ય ગુજરાત
(૩) સૌરાષ્ટ્ર (૪) દક્ષિણ ગુજરાત

**(૩૬) રાજ્ય માહિતી આયોગ દ્વારા અરજદારે કરવામાં આવેલી અપીલનો નિકાલ કેટલા સમયમાં કરવાનો હોય છે ?**
(૧) ૬ મહિના (૨) ૯૦ દિવસ
(૩) ૩૦ દિવસ (૪) કોઈ સમયમર્યાદા નથી.

**(૩૭) રાજ્ય માહિતી આયોગમાં નીચેનામાંથી કોણ એક માહિતી કમિશનર નથી ?**
(૧) શ્રી ડી. રાજગોપાલન (૨) શ્રી વી. એસ. ગઢવી
(૩) શ્રી બલવંતસિંગ (૪) શ્રી પી. પનિરવેલ

**(૩૮) રાજ્ય માહિતી આયોગના નિર્ણય સામે નીચેનામાંથી કઈ કોર્ટમાં અપીલ કરી શકાય ?**
(૧) ડીસ્ટ્રીક કોર્ટ (૨) હાઈકોર્ટ
(૩) સેશન્સ કોર્ટ (૪) ઉપરનામાંથી કોઈપણ

**(૩૯) જાહેર માહિતી અધિકારીને માહિતી મેળવવા માટે અરજી કરતી વખતે અરજદાર માટે નીચેનામાંથી કઈ બાબત જરૂરી નથી ?**
(૧) અરજી ફી ભરવી
(૨) અરજી માટેનું કારણ જણાવવું
(૩) પોતાનું નામ સરનામું લખવું
(૪) અરજીની વિગતો નિયત નમૂનામાં ન માગતા સાદા કાગળ પર માગવી

**(૪૦) "Power Corrupts & absolute Power Corrupts absolutely"-આ મત કોનો છે ?**
(૧) અબ્રાહમ લિંકન (૨) બર્નાડ રસેલ
(૩) રૂઝવેલ્ટ (૪) રોનાલ્ડ રેગન

**(૪૧) ''હરકત ઉલ મુજાહિદીન'' આ આતંકવાદી સંગઠન કયા દેશનું છે ?**
(૧) ભારત (૨) અફઘાનિસ્તાન
(૩) પાકિસ્તાન (૪) ઈરાન

**(૪૨) સરદાર પટેલની માતાનું નામ શું ?**
(૧) હીરાબાઈ (૨) જીજાબાઈ
(૩) લાડબાઈ (૪) રેવતીબાઈ

**(૪૩) ''મોગલસરાઈ'' આ જન્મસ્થળ નીચેનામાંથી કયા મહાપુરૂષનું છે ?**
(૧) ચંદ્રશેખર આઝાદ (૨) લાલ બહાદુર શાસ્ત્રી
(૩) વીર સાવરકર (૪) ખુદીરામ બોઝ

**(૪૪) ''મોહિની અટ્ટમ'' એ નૃત્ય કયા નૃત્ય સાથે સમાનતા ધરાવે છે ?**
(૧) કુચીપુડી (૨) ઓડીસી
(૩) મણિપુરી (૪) ભરતનાટ્યમ

**(૪૫) યામિની કૃષ્ણમૂર્તિ કયા નૃત્યના કલાકાર કહેવાય ?**
(૧) કુચીપુડી (૨) મણિપુરી
(૩) ઓડીસી (૪) કથકલી

**(૪૬) કયા નૃત્યના વિષયોને રામાયણ, મહાભારત અને હિંદુ પૌરાણિક કથામાંથી લેવામાં આવ્યા છે ?**
(૧) કથકલી (૨) કથ્થક
(૩) ભરતનાટ્યમ (૪) મણિપુરી

**(૪૭) સરસ્વતી, હિરણ્યા અને કપિલા નદીનો ત્રિવેણી સંગમ કયા સ્થળે થાય છે ?**
(૧) વૌઠા (૨) તરણેતર
(૩) સોમનાથ (૪) ભાલ

**(૪૮) કવિ નર્મદે સમાજ સુધારાનો પ્રવાહ કયા સામાયિક દ્વારા આણવાનો પ્રયત્ન કર્યો હતો ?**
(૧) દિનકર (૨) ડાંડિયો
(૩) દીનબંધુ (૪) યુગવંદના

**(૪૯) નરસિંહ મહેતા અને મીરાંબાઈ માટે ''ખરા ઈલ્મી, ખરા શૂરા'' આ વિશેષણો કયા કવિએ વાપર્યા હતા ?**
(૧) નર્મદ (૨) કલાપી
(૩) કાન્ત (૪) ઉમાશંકર જોષી

**(૫૦) કયા વેદની કૌથુમિય શાખા આજે ગુજરાતમાં સચવાયેલી છે ?**
(૧) ઋગ્વેદ (૨) યજુર્વેદ
(૩) સામવેદ (૪) અથર્વવેદ

## જવાબ

**(૧) ૨ (૨) ૧ (૩) ૩ (૪) ૧ (૫) ૨ (૬) ૨ (૭) ૨ (૮) ૧ (૯) ૪ (૧૦) ૪ (૧૧) ૨ (૧૨) ૩ (૧૩) ૧ (૧૪) ૨ (૧૫) ૨ (૧૬) ૨ (૧૭) ૩ (૧૮) ૨ (૧૯) ૪ (૨૦) ૧ (૨૧) ૩ (૨૨) ૧ (૨૩) ૧ (૨૪) ૪ (૨૫) ૧ (૨૬) ૨ (૨૭) ૧ (૨૮) ૧ (૨૯) ૧ (૩૦) ૪ (૩૧) ૧ (૩૨) ૧ (૩૩) ૪ (૩૪) ૧ (૩૫) ૧ (૩૬) ૪ (૩૭) ૪ (૩૮) ૨ (૩૯) ૨ (૪૦) ૨ (૪૧) ૩ (૪૨) ૩ (૪૩) ૨ (૪૪) ૪ (૪૫) ૧ (૪૬) ૧ (૪૭) ૩ (૪૮) ૨ (૪૯) ૨ (૫૦) ૩**